સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું (અલ-કુર્આન ૧૭ : ૮૧)

# ફારૂક સાપ્તાહિક

FAROOQ E-Paper

૨૬ વર્ષથી ભુજથી દર શુક્રવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

www.Farooqsaptahik.com | Farooq Saptahik | farooq_saptahik | Farooq Saptahik







RNI No. GUJ GUJ / 2000 / 2443 ★ Editor, Owner, Publisher : Yousuf A. Jat. Bhuj-Kutch. ★ Published from Sawaya faliya, Bhuj-Kutch(Gujarat) ★ Office : Elite Printers, Opp. Sumra Deli, Bhuj.

Year - 26th ★ Issue - 14 ★ Date : 31th OCTOBER, 2025, Friday ★ 8th Jamadi ul-Awwal, H. 1447 ★ Pages - 6 ★ Phone : 98253 76396 ★ E-mail : farooqsaptahik@gmail.com

# વિપક્ષના ભારે વિરોધ છતાં ૧૨ રાજ્ય–UT માં SIRની જાહેરાત

## ચૂંટણીપંચે ફરીથી વિદેશી મતદારોને દૂર કરવાનો ઉલ્લેખ કર્યો, નવેમ્બરમાં પ્રક્રિયા શરૂ થશે, ૫૧ કરોડ મતદારોને આવરી લેવામાં આવશે, તમિલનાડુના મુખ્યમંત્રીએ SIR પાછો ખેંચવાની માંગ કરી

વિપક્ષના ભારે વિરોધ છતાં દેશના અન્ય રાજ્યો કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદી સમીક્ષા (SIR)ના બીજા તબક્કાની જાહેરાત થઈ છે. નવી દિલ્હીના વિજ્ઞાન ભવના ખાતે આયોજિત એક પત્રકાર પરિષદમાં, મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારે તેમના સાથીદારો ચૂંટણી કમિશ્નર સુખબીર સિંહ સિદ્ધુ અને ચૂંટણી કમિશ્નર ડો. ધીરક જોશી સાથે મળીને 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR ની જાહેરાત કરી છે. મુખ્ય ચૂંટણી કમિશ્નરે કહ્યું કે આ SIR કવાયત ૫૧ કરોડ મતદારોને આવરી લેશે અને આ કવાયત 4 નવેમ્બરથી શરૂ થશે. SIR માટેના પોતાના દલીલમાં, ચૂંટણીપંચે અન્ય બાબતોની સાથે વિદેશી મતદારોને યાદીમાંથી દૂર કરવાનો ઉલ્લેખ કર્યો છે. જે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR હાથ ધરવામાં આવશે તેમાં ગુજરાત, છત્તીસગઢ, કેરળ, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ અને પુડુચેરીનો સમાવેશ થાય છે. આ રાજ્યોમાં મતદાર યાદીઓ આજ રાતથી, SIR ના બીજા તબક્કાની શરૂઆત પહેલાં જ સ્થિર કરવામાં આવશે, જેનો અર્થ એ છે કે આ મતદાર યાદીઓની વિગતોમાં કોઈ ફેરફાર કરી શકાશે નહીં. કુમારે જણાવ્યું હતું કે 2026માં તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને પશ્ચિમ બંગાળમાં ચૂંટણીઓ યોજાવાની છે.

મુખ્ય ચૂંટણી કમિશ્નરે જણાવ્યું હતું કે SIR ના પહેલા તબક્કામાં બિહારમાં કોઈ અપીલ કરવામાં આવી ન હતી. તેમણે કહ્યું કે 1951 થી 2002 સુધી, ઓગણીસ SIR અગાઉ કરવામાં આવ્યા છે. છેલ્લો SIR 2002 થી 2004 ની વચ્ચે હાથ ધરવામાં આવ્યો હતો. એક જગ્યાએથી બીજી જગ્યાએ લોકોનું સ્થળાંતર એક કરતાં વધુ જગ્યાએ મૃતકોના નામ અને કાર્યોનો સંગ્રહ અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે SIR જાહેર કરવામાં આવ્યો હતો. જોકે બિહારમાં દસ્તાવેજોની યાદીમાં આધાર કાર્ડનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમ છતાં એવું કહેવામાં આવ્યું છે કે ચૂંટણીપંચ દ્વારા 9 સપ્ટેમ્બર 2025 ના રોજ જારી કરાયેલ આદેશ આધારના સંબંધમાં લાગુ પડશે, જેમાં આધારને ફકત ઓળખ દસ્તાવેજ તરીકે સ્વીકારવાનો આદેશ આપવામાં આવ્યો છે. જોકે ચૂંટણીપંચે સુપ્રીમ કોર્ટને ખાતરી આપી હતી કે તે અન્ય દસ્તાવેજો તરીકે આધાર કાર્ડ પણ સ્વીકારશે.

દરમિયાન, તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. મનોહરે ભાજપ અને AIADMK પર આરોપ લગાવ્યો છે કે તેઓ રાજ્ય વિધાનસભા ચૂંટણી પહેલા કામદારો, અનુસૂચિત જાતિઓ, લઘુમતીઓ અને મહિલાઓને મતાધિકારથી વંચિત રાખવા માટે ભારતીય ચૂંટણીપંચના SIR દ્વારા મતદાર યાદીમાં છેડછાડ કરવાનું કાવતરું ઘડી રહ્યા છે. સ્ટાલિને કહ્યું કે ભાજપ અને AIADMK પાસે ચૂંટણી દરમિયાન લોકોનો સામનો કરવાની તાકાત નથી અને તેઓ અન્યાયી લાભ મેળવવા માટે મતદારોના દમન પર આધાર રાખે છે. તેમણે કહ્યું કે ભાજપે ચૂંટણીપંચ સાથે મળીને બિહારમાં લગભગ 65 લાખ મતદારોના નામ પહેલાથી જ કાઢી નાખ્યા છે અને હવે તમિલનાડુમાં પણ તેનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે અમે અગાઉ ચૂંટણીપંચને SIR પાછી ખેંચવા વિનંતી કરી છે. જો કમિશન સુધારો કરવાનો આગ્રહ રાખે છે, તો તેને ચોકસાઈ સુનિશ્ચિત કરવા અને મતાધિકારથી વંચિત રહેવાથી રોકવા માટે ઓછામાં ઓછો પૂરતો સમય આપવો જોઈએ. તેમણે ચેતવણી આપી હતી કે જો આવું નહીં કરવામાં આવે તો, DMK તમામ કાનૂની માર્ગો અપનાવશે અને તેના પ્રતિબંધ માટે લકો સાથે ઉભા રહેશે.

### વલ્લાહો અઅ્લમો

- ○ પપ્પા !
- ❑ જી, બેટા !
- ○ ટ્રમ્પ કહી રહ્યા છે દર માસે તેમણે એક યુધ્ધ અટકાવ્યો છે, તો યુધ્ધ શરૂ થવા માટે નિમિત કોણ હતો ?
- ❑ વલ્લાહો અઅ્લમો !!












# શરઈ અહ્કામ

(કુર્આન શરીફ અને અહાદીસે મુબારકાની રોશનીમાં)

સંકલન : હસીનાબેન એ. મારા (B.Sc., B.Ed.), ભુજ-કચ્છ.

## નમાઝની રીત–ફર્ઝ–વાજીબાત

(ગતાંકથી ચાલુ)

**નમાઝ**ની અંદર બે ચીજો પઢવી **ફર્ઝ** છે. એક **તકબીરે તહરીમા** આ **ફરાઈઝ**માં દાખલ છે અને તેના માટે શબ્દ **'અલ્લાહુ અકબર'** જે **વાજીબ** છે. પરંતુ અત્યારે તેને **ફર્ઝ**માં ગણીએ છીએ કે **તકબીરે તહરીમા** કહેવું **ફર્ઝ** છે અને કમ સે કમ એક **આયત**નું પઢવું **ફર્ઝ** છે.

**ફર્ઝ**ની પહેલી બે **રકાઅત**માં અને **વિત્ર, સુન્નત, નફલ**ની દરેક **રકાઅત**માં કમ સે કમ એક **આયત**નો પઢવું **ફર્ઝ** છે. **ફર્ઝ નમાઝ**ની ત્રીજી અને ચોથી **રકાઅત**માં **કિરઅત ફર્ઝ** હોતી નથી ફકત **અલહમ્દ શરીફ**નું પઢવું **મુસ્તહબ** છે, **અફઝલ** છે આથી કમ સે કમ એક **આયત**નો પઢવું **ફર્ઝ** છે. આ બે બાબતો **ફર્ઝ** થઈ **તકબીરે તહરીમા** અને કમસે કમ એક **આયત.**

ત્યારબાદ **વાજીબ, અલહમ્દ શરીફ** પૂરી પઢવી **વાજીબ** છે અને તેની સાથે એક **સૂરઃ** અથવા ત્રણ નાની **આયતો** અથવા એક મોટી **આયત** જે ત્રણ **આયતો** બરાબર હોય તેને પઢવું **વાજીબ** છે. તેનાં સિવાય **અત્તહિય્યાત** પઢવું **વાજીબ** છે. **દુઆએ કુનૂત**ની **તકબીર** લગાડવી **વાજીબ** છે, **દુઆએ કુનૂત** પઢવું પણ **વાજીબ** છે **ઈદૈન (બન્ને ઈદની નમાઝ)**ની છ **તકબીરાત** પણ **વાજીબ** છે અને **ઈદૈન**ની બીજી **રકાઅત**માં **તકબીર** લગાડવામાં આવે છે તે પણ **વાજીબ** છે અને છેલ્લે બે શબ્દ **અસ્સલામ.** બંને તરફ ચહેરો ફેરવતી વખતે **અસ્સલામ** શબ્દ **વાજીબ** છે.

ટૂંકમાં આટલું પઢવું **વાજીબ** છે, **અલહમ્દ શરીફ,** તેની સાથે **સૂરઃ, અત્તહિય્યાત,** લફઝ **અસ્સલામ, દુઆએ કુનૂત, ઈદૈન**ની **તકબીરાત** અને **ઈદૈન**ના બીજી **રકાઅત**માં જવા માટે જે **તકબીર** લગાડવામાં આવે છે તે **વાજીબ** છે. અહીં **ફર્ઝ** અને **વાજીબ** બંને બાબતો જોઈ એના સિવાયની બધી બાબતો જે **સુન્નત** અને **મુસ્તહબ** છે.

જેમ કે **નમાઝ** શરૂ કરતાં સમય સૌથી પહેલા **'સના' સુન્નત** છે, **તઅવુઝ** અર્થાત્ **(અઉઝુબિલ્લાહ...)** અને **તસ્મીયા (બિસ્મિલ્લાહ...)** પઢવું **સુન્નત** છે. **અલહમ્દુ શરીફ** અને **સૂરઃ** ની વચ્ચે **આમીન** પઢવું **સુન્નત** છે, **રૂકુઅ** માટે જતા સમયે **તકબીર** લગાડવું એ પણ **સુન્નત** છે.

ત્યારબાદ **રૂકુઅની તસ્બીહ**, એ જ રીતે **સમીઅલ્લાહુ લિમન હમીદા, રબ્બના લકલ હમ્દ,** ત્યારબાદ **સજદા**માં જવા માટે **અલ્લાહુ અકબર** કહેવું, **સજદા**ની **તસ્બીહાત (સુબ્હાન રબ્બિયલ આ'લા),** પહેલા **સજદા**માંથી ઉઠવા માટે **અલ્લાહુ અકબર** કહેવું, બીજા **સજદા**માં જવા માટે **અલ્લાહુ અકબર** કહેવું, ત્યારબાદ ઉભા થવા માટે **અલ્લાહુ અકબર** કહેવું, **દુરૂદે ઈબ્રાહીમ, દુઆ** અને ત્યારબાદ **સલામ** ફેરતી વખતે **અસ્સલામુ અલયકુમ**માં શબ્દ **અલયકુમ વરહમતુલ્લાહ** આ બધી બાબતો **સુન્નત** છે.

હવે ખૂબ સારી રીતે આપને સમજાઈ ગયું હશે કે જો કોઈએ **તકબીર** લગાડી અને મોઢું બંધ રાખ્યો એ જ રીતે **કિરઅત** કરતા સમયે એક **આયત**માં એટલી અવાજ ન રાખી કે તેનો કાન સાંભળે તો તર્કે **ફર્ઝ** થઈ, હવે જો પૂરો **અલહમ્દ શરીફ** પઢે છે પણ **ઝબાન બંધ છે (દિલમાં જ પઢે છે)** તેના પછી **સૂરઃ** પણ પઢે છે અને દિલમાં જ પઢે છે તો તર્કે **વાજીબ** થયું. એ જ રીતે **અત્તહિય્યાત** પઢે છે પરંતુ મનમાં પઢે છે જબાનથી પઢતું નથી તો તર્કે **વાજીબ** થયું. **સલામ** ફેરતા સમયે મોઢાથી કંઈ નથી કહેતું તો માત્ર ચહેરો ફેરવી લે છે મોઢું બંધ છે તો **વાજીબ** તર્ક થઈ ગયું. **દુઆએ કુનૂત** જ્યારે પઢવામાં આવે છે ત્યારે પણ હોઠ બંધ છે તો તર્કે **વાજીબ** થયું. ખૂબ સારી રીતે સમજવાની જરૂર છે. ઘણી બધી બાબતો એવી છે કે અલ્લાહ તબારક વ તઆલાએ **નમાઝ**માં **ફર્ઝ** કરી છે, કેટલીક **વાજીબ** છે, કેટલીક **સુન્નત** છે, જેનું પઢવું **ફર્ઝ** છે, તેનો અવાજ એટલો હોવો જોઈએ કે કાન સુધી પહોંચે કે તમે પોતાની અવાજને સાંભળી લો એટલા ઊંચા અવાજથી પઢવું **ફર્ઝ** છે. **વાજીબ**માં અવાજ કાન સુધી પહોંચાડવું **વાજીબ** અને **સુન્નત**માં કાન સુધી અવાજ પહોંચાડવું **સુન્નત** છે. કોઈપણ **રકાઅત**માં એક **આયત** પઢવી **ફર્ઝ** છે, અને **વિત્ર** અને **નફલ**ના દરેક **રકાઅત**માં ઈમામ અને **મનફરીદ (જે એકલા નમાઝ પઢે છે)** પર **ફર્ઝ** છે. મુકતદીને કોઈ પણ **નમાઝ**માં **તિલાવત** કરવું જાઈઝ નથી, ન **ફાતિહા**, ન **આયત**, ન **સિર્રી નમાઝ**માં, ન **ઝહરી નમાઝ**માં, ઈમામની **તિલાવત** મુકતદી માટે પણ પૂરતી છે.

## ઈત્તિહાદુલ મુસ્લેમીન દ્વારા 'ઉમ્મીદ પોર્ટલ' માટે હેલ્પ લાઈન શરૂ



(ન્યૂઝ ડેસ્ક)

ઈત્તિહાદુલ મુસ્લેમીન–એ–હિન્દ ટ્રસ્ટ, અંજાર છેલ્લા ૫ વર્ષથી ગુજરાતભરમાં વકફ બોર્ડના કાર્યો અંગે માર્ગદર્શન તથા તેને લગતા તમામ કાર્યોમાં નિઃશુલ્ક સેવાઓ આપી રહી છે. હાલ દેશભરમાં સેન્ટ્રલ વકફ કાઉન્સિલ દ્વારા ઉમ્મીદ પોર્ટલ પર તમામ જૂની તથા નવી વકફ મિલકતોનો રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત હોઈ સંસ્થા દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા તેમજ માર્ગદર્શન પૂરું પાડવા હેલ્પલાઈન શરૂ કરાઈ છે. જે મિલકતોની નોંધણી ન થઈ હોય તેવી મિલકતોની નોંધણી માટે તેમજ નોંધાયેલ મિલકતોમાં સુધારા – વધારા માટે તેમજ 'ઉમ્મીદ પોર્ટલ' પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવા માટે ટ્રસ્ટ દ્વારા વકફ નોંધણી પ્રક્રિયામાં સહયોગ કરવાનું નક્કી કરાયેલ છે, જેથી જેમને 'ઉમ્મીદ પોર્ટલ' પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવા હોય તેઓ સંસ્થાનો સંપર્ક કરવા ગુઝારીશ કરાઈ છે.

ઉપરોક્ત તમામ કાર્યો માટે નીચે મુજબના મોબાઈલ નંબર આપેલ છે જેના પર સંપર્ક કરી વકફ બોર્ડમાં નવી નોંધણી અથવા નોંધાયેલ મિલકતમાં સુધારા – વધારા અંગે તમામ માહિતી મેળવવા માટે નીચે મુજબના સંસ્થાના સરનામે સંપર્ક કરવાનું રહેશે એવું સંસ્થાના પ્રવક્તા જલાલશા સૈયદની યાદીમાં જણાવાયું છે.

**ગુજરાત રાજય માટે** હેલ્પ લાઈન નંબર : હાજી મોહંમદભાઈ આગરીયા (99090 99786, 97272 99786), • **કચ્છ જિલ્લા માટે** હેલ્પ લાઈન નંબર : એડવોકેટ અબ્દુલરઝાક બાયડ (96877 52010, 99091 99786). **સંસ્થાનું સરનામું** : ઈત્તિહાદુલ મુસ્લેમીન એ હિન્દ ટ્રસ્ટ, 'આગરીયા પ્રોપર્ટીઝ' બગીચાની સામે, દેવળિયા નાકા, અંજાર (કચ્છ).

## નલીયા–માંડવી હાઈવે કોઠારા નજીક ઘાતક હદે બિસ્માર

તસવીર : રઝાક હિંગોરા, બિરસરા (વિં).



(ન્યૂઝ ડેસ્ક)

અબડાસા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ રઝાક હિંગોરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, અબડાસા તાલુકાના જીવાદોરી સમાન નલીયા – માંડવી નેશનલ હાઈવે છેલ્લા દોઢ વર્ષથી કોઠારા રેલ્વે ફાટક ક્રોસિંગ નજીક અત્યંત ગંભીર હાલતમાં છે. વહિવટી તંત્રના અધિકારી પોતે પણ અનેક વખત આ રોડ પર પસાર થતા હોય છે છતાં એમના પેટનું પાણી હાલતું નથી. અહીં નાના મોટા અકસ્માત થઈ ચૂક્યા છે છતાં સમારકામ કરવા માટે નેશનલ હાઈવે કચેરી દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. ભાનાડા ગામ નજીક પણ આવીજ પરિસ્થિતિ છે, વહેલી તકે સમારકામ કરવામાં નહીં આવે તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા મજબૂર થવું પડશે તેવું શ્રી હિંગોરાએ કહ્યું છે.


સખી-દાતા-ગુજારીસ

દાદા દાદી

સાથી હાથ બઢાના એક અકેલા થક જાયગા

ઝકાત • લિલ્લા • હદીયા

મહેનત અને રૂપિયા થકી

વૃધ્ધ, વિકલાંગ, મંદ બુધ્ધી વ્યકતિને રોજ એક ટાઈમનું ફ્રી ભોજન

ગરીબ બહેનોને રાહત રોજગાર ગરીબની પાર્ટ ટાઈમ શાળા

મુસ્લિમ આશાબા વૃધ્ધ ભોજનાલય, ગૃહશાળા ભુજ-કચ્છ

સ્થળ : બી ડીવીજન પોલીસ સ્ટેશન પાછળ, સરપટ ગેટ અંદર ભુજ કચ્છ

આર્થિક સહકાર આપવા નમ્ર અપીલ - બેન્ક ખાતાની વિગત :

Bank Name : Indian Bank, Bhuj Branch.

Account Name : Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala

Account No.: 7326846090 IFSC : IDIB000B044

સંપર્ક આમદભા ખત્રી મો.૯૯૭૪૮૪૩૬૩૨



• ડો. શહીદાબેન અરોરા મો. ૯૭૧૨૪ ૪૯૦૯૦

• હારૂનભાઈ ખત્રી મો. ૯૯૨૫૮ ૫૪૧૭૦

કાનૂની સલાહકારઃ અશોક સી. માંડલિયા (એડવોકેટ) મો. ૯૮૨૫૧ ૬૬૬૦૬

સત્ય જુઓ સત્ય પરખો સત્ય અમલકરો સહકાર આપો



બ ફૈઝે રૂહાની
મહબૂબે સુબ્હાની કુત્બે રબ્બાની પીરાને પીર રોશનમીર ગૌષે આઝમ દસ્તગીર સૈયદ અબ્દુલકાદર જીલાની બગદાદી (રદીયલ્લાહો તઆલા અન્હો)

મદરસા સ્થાપના : તા. ૦૧/૦૪/૧૯૮૮

બ ફૈઝે કરમ
મુર્શિદે આઝમ પીરે તરીકત રહબરે શરીઅત હઝરત અલ્લામા અલહાજ મુફતી સૈયદ અહમદશા બુખારી કાદરી (મુફતી-એ-આઝમ કચ્છ) અલયહિર્રહમા

ટ્રસ્ટ રજી. નં. ઈ-૧૭૮૬ કચ્છ તા. ૨૭/૧૧/૨૦૦૨

મદરસા બરકાતે મુસ્તફા એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત

ફૈઝે સૈયદ હાજી જહાંગીરશા બુખારી ગર્લ્સ હાઈસ્કૂલ એન્ડ હોસ્ટેલ

(માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળા, હોસ્ટેલ)

જશ્ને સંગે બુનિયાદ

પીરે તરીકત રહબરે શરીઅત ખતીબે બે-મિસાલ મુતરજીમે મસનવી હઝરત અલ્લામા અલ્હાજ ડૉ. સૈયદ જહાંગીરશા બાવા સાહેબ બુખારી કાદરી (અલયહિર્રહમા)ની યાદમાં આ હાઈસ્કૂલ અને હોસ્ટેલની બુનિયાદ રાખી તેમની રૂહને ખિરાજે અકીદત પેશ કરવામાં આવશે. તો આપ આ રૂહાની મૌકા પર શરીક થઈ સવાબે દારૈન હાંસલ કરશો.

ઝેરે સદારત : પીરે તરીકત હઝરત અલ્લામા અલ્હાજ
સૈયદ અમીનશા હાજી અહમદશા બાવા સાહેબ
ફરઝંદે મુફતી-એ-આઝમ કચ્છ, સલાયા, માંડવી.

ઝેરે ખિતાબત : મુકર્રિરે શો'લાબ્યાં
હઝરત અલ્લામા અલહાજ સૈયદ સલીમશા હાજી જહાંગીરશા બાવા સાહેબ
બુખારી વ કાદરી (વિંઝાણ)

: દુઆઈયા કલીમાત :
હઝરત અલ્લામા અલ્હાજ સૈયદ સુલતાનશા બુખારી કાદરી
(બિરાદરે મુફતી-એ-આઝમ કચ્છ)
કોઠારા-કચ્છ

ઝેરે નિઝામત : હઝરત અલ્લામા મૌલાના સિદ્દીક અઝહરી સાહેબ (સદર ઈદારા હાઝા)

મહેમાને ખાસ : ખાનદાને મુફતી–એ–કચ્છ
સૈયદ અલહાજ હુસૈનશા બાવા સાહેબ બુખારી
સૈયદ અલહાજ કાસમશા બાવા સાહેબ બુખારી
સૈયદ હાજી હનીફશા હાજી જહાંગીરશા બુખારી
સૈયદ ઈબ્રાહીમશા હાજી જહાંગીરશા બુખારી
સૈયદ મુસ્તફાશા હાજી સુલતાનશા બુખારી
સૈયદ મૌલાના અબ્દુલહમદીશા હાજીજહાંગીરશા બુખારી
સૈયદ ઈમ્તિયાઝશા હાજી અનવરશા બુખારી
સૈયદ હાજી શકીલશા હાજી અબુબકરશા બુખારી

: રોનકે સ્ટેજ :
સૈયદ નિઝામુદ્દીનશા ભાવનશા (સલાયા)
સૈયદ હાજીઅકબરશા ઈબ્રાહીમશા સાહેબ (સલાયા)
સૈયદ હાજી અકીલશા સાહેબ (ચરોપડી)
સૈયદ અલીઅસગરશા યુસુફશા (ભુજ)
સૈયદ કાદરશા સાહેબ (ચરોપડી)
સૈયદ ગુલમામદશા અ.રઝાકશા (ચરોપડી)
તથા તમામ સાદાતે કિરામ વ અહલે બૈત ઈઝામ અને ઉલમાએ કિરામ વ મસાજિદના ઈમામો

તારીખ : ૦૨/૧૧/૨૦૨૫, રવિવાર, સવારે ૧૦.૩૦ કલાકે, મુ.તા. ૧૦ જમા.અવ્વલ ૧૪૪૭
સ્થળ : શૈક્ષણિક સંકુલ ગ્રાઉન્ડ, નેશનલ હાઈવે નં. ૪૧, જનતા હોટેલની સામે, રામપર અબડા, તા. અબડાસા-કચ્છ.

: નિમંત્રક :
સૈયદ હાજી સલીમશા હાજી જહાંગીરશા બુખારી
કુંભાર હાજી હસન સિધીક (મેનેજીંગ ટ્રસ્ટી) તેમ સર્વે ટ્રસ્ટી મંડળ
મદરસા બરકાતે મુસ્તફા એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, રામપર અબડા.
મો. 9879715922, 7016069998.

ન્યાઝનો આયોજન
કુંભાર હાજી હસન સિધીક પરિવાર તરફથી રાખેલ છે
અને મિસ્ટાન
રાયમા આદમ હાજી જુમા (કોટડા મઠ) તરફથી રાખેલ છે



કચ્છ જીલ્લાના સર્વ પ્રથમ લેટેસ્ટ ટેકનીક પ્લાસ્ટીબેલ રીંગ ખત્ના સુન્નત બાળકોને બેસાડનાર ખત્ના સ્પેશ્યાલિસ્ટ શકીલ શિકારી મૂળ ભુજ કચ્છનાં રહેવાસી

હેપ્પી કિડ્સ ખત્ના @sakilshikari

લેટેસ્ટ ટેકનીક પ્લાસ્ટીબેલ રીંગ ખત્ના સુન્નત ભુજ સેન્ટર

શકીલ થૈબા શિકારી Children Circumision
બાળકોની ખત્ના સુન્નત ઝડપી રિકવરી
પ્લાસ્ટીબેલ રીંગ લેટેસ્ટ ટેકનીક
થી ખત્ના સુન્નત બેસાડી આપવામાં આવશે.

સાંકળવાલા પીર દરગાહ પાસે, ભીડ ચોક, પીર વાલી મસ્જિદની બાજુમાં, ભુજ.

આપના કોઈપણ શહેરમાં ખત્ના (સુન્નત) બેસાડવા માટે એપોઈન્ટમેન્ટ લેવા માટે સંપર્ક કરો : 8320661096.



ફીરોઝ ચાકી : Mo. : 99782 21888
તૌસિફ ચાકી : Mo. : 99988 71666

અમીત ઓપ્ટીકસ

ફ્રી કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ ટેસ્ટીંગ
સસ્તું અને સારૂં

દુકાન નં. ૨, શ્રી પ્રસાદ કોમ્પલેક્ષ, મહેરઅલી ચોક, ભુજ-કચ્છ.
ખાવડા મેસુક ઘરની બાજુમાં, હોસ્પિટલ રોડ, ભુજ.



ઓકટોબર ઉમરાહ બુકીંગ ચાલુ છે

| | | |
|---|---|---|
| ડિલક્ષ ઉમરાહ | 106000 સફર ૨૧ દિવસ મક્કા હોટલ ૨૦૦ મીટર | 95000 સફર ૧૯ દિવસ મદીના હોટલ ૧૫૦ મીટર |
| સેમી ડિલક્ષ | 96500 સફર ૨૧ દિવસ મક્કા હોટલ ૬૦૦ મીટર | 86500 સફર ૧૯ દિવસ મદીના હોટલ ૫૦૦ મીટર |

ભુજ થી ભુજ - માંડવી થી માંડવી - ડાયરેક્ટ ફ્લાઈટ

મક્કા અને મદીના શરીફની તમામ ઝિયારતો સાથે મસ્જિદ એ ઝોહરાના અને તાઈફથી ઉમરાહ, બદર, વાદીએ જીન્ન અને બીજી ઘણી બધી ઝિયારતો

ઈરાક ઝિયારત: ડિલક્ષ રૂ. 97,500/- દિવસ ૧૦ બગદાદ, કરબલા, કુફા, નજફ વગેરે

: વધુ માહિતી અને બુકીંગ માટે સંપર્ક કરો :

જીલાની ટુર

ઘાયરા પીર દરગાહ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, માંડવી-કચ્છ.
સૈયદ પીર ઝૈનુલઆબેદીન જીલાની : ૯૯૦૯૮ ૬૬૭૮૬



ઈસ્લામી ડફ્ફા
દિવાળીથી દિવાળી





ઝમઝમ બોટલ · તસ્બીહ · ટોપી · મુસલ્લા · પોકેટ કુર્આન · પોકેટ ૩૦ પારા · અત્તર · એહરામ બેલ્ટ · સાદો સુરમો · ઠંડો સુરમો · કલૌન્જી યુક્ત તેલ · મદની ઓઈલ

મુસ્તફા કિતાબ ઘર

સુમરા ડેલી સામે, ભુજ-કચ્છ. ફોન નં. +91 99092 26786

# બિહાર : નફરતી ભાષણો આતંકવાદીઓને મલ્કાવવાનું કારણ આપી રહ્યા છે ?!

હજી છ માસ પહેલા જ કશ્મીરના પહલગામમાં આતંકવાદી આક્રમણ થયું, ૨૬ લોકો માર્યા ગયા. મોટાભાગના અહેવાલોએ જણાવ્યું કે, આતંકવાદીઓએ પર્યટક સ્થળ પર મોજૂદ હિન્દુ પુરૂષોને ચિન્હિત કરી તેમના પત્ની, બાળકો, પરિવારજનોની સામે ઠંડા કલેજે નિર્મમ હત્યા કરી નાખી. એક સ્થાનિક મુસ્લિમ યુવકે આતંકવાદીના હાથમાંથી ગન છિનવાનો પ્રયત્ન કર્યો જેને આતંકવાદીઓએ શહીદ કરી નાખ્યો. આ અણીના સમયે સ્થાનિક મુસ્લિમ કશ્મીરીઓ પર્યટકોની વહારે આવ્યા તેમની દિલોજાનથી મદદ કરી. અચાનક આવી પડેલી આફતથી કશ્મીરમાં અટવાઈ ગયેલા પર્યટકો માટે કશ્મીરીઓએ પોતાના ઘર – રસોડા ખોલી આપ્યા અને તેમને બનતી તમામ મદદ કરી. ગોદી મીડિયાના લોહી તરસ્યા એન્કરો આ મુદ્દાને કોમવાદી રંગ આપી ખૂબ ચગાવી રહ્યા હતા ત્યારે દેશના અમનપસંદ હિન્દુ – મુસ્લિમ પ્રબુધ્ધ વર્ગે ચિંતા જાહેર કરી કે આતંકવાદીઓના કરતૂતોનું ધ્યેય એ જ છે કે ભારતીયો ધર્મના નામે એક–બીજાથી લડયા કરે અને આ ઘરેલુ કંકાસ ભારતની પ્રગતિમાં અવરોધ બને માટે (ગોદી) મીડિયાએ ચાર–પાંચ આતંકવાદીઓના કૃત્યને ભારતીય મુસ્લિમ સમાજ સાથે સાંકળવાના બદલે હિન્દુ–મુસ્લિમ પર્યટકોની વહારે આવેલ હજારો મુસ્લિમોની દિલેરી અને કોમી સોહાર્દભર્યા વર્તન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને દેશમાં કોમી સદ્ભાવ જળવાઈ રહે તેવા પ્રયત્નો કરી આતંકવાદનો પ્રપંચ રચનાર આતંકવાદીઓના ઈરાદાઓને ધૂળમાં મેળવી દેવા જોઈએ. નોંધનીય છે કે આવા નાઝુક સમયે મધ્યપ્રદેશના કેબિનેટ મંત્રી કુંવર વિજયસિંહે ભારતીય લશ્કરના અધિકારી કર્નલ સોફીયાનું નામ લીધા વગર તેમને આતંકવાદીઓના બહેન કહ્યા હતા. ત્યારબાદ ઓપરેશન સિંદૂર થયો. નાટકીય ઢબે ઓપરેશન સિંદૂરને બ્રેક લાગ્યો. સંસદનો ચોમાસુ સત્ર શરૂ થયો તત્સમયે પહલગામ આતંકવાદી કશ્મીરમાં ઠાર મરાયો. ભારતમાં (ભુજમાં પણ) રોડ શો થયા. ઓપરેશન સિંદૂરની થીમ પર સામાજિક–રાજકીય કાર્યક્રમો ઉપરાંત નવરાત્રિમાં પણ નજર આવી, નૂતન વર્ષના સ્નેહમિલનમાં ઝલક જોવા મળી, હેન્ડશેક વગરનો એશિયાકપ વગેરે ક્રોનોલોજી (ઘટનાક્રમ) આપણે જોયો. ફક્ત છ માસના સમયના વહેણમાં એ મુદ્દો વિસરાઈ ગયો છે કે આતંકવાદીઓ ઈચ્છી રહ્યા છે કે ભારતના બે મુખ્ય સમાજો આપસમાં ઝગડતા રહે જેથી ભારત આંતરરાષ્ટ્રીય કક્ષાએ કાઠું ન કાઢી શકે. આવતા સપ્તાહે બિહાર વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. સત્તાની ખેંચતાણમાં દેશના ટોચના નેતાઓના મોઢામાંથી નફરતી વાણી સૌહાર્દના વાતાવરણને પ્રદૂષિત કરી રહી છે.

'ધ ક્વિન્ટ' પર રાજકીય બાબતોના વિશ્લેષક અલીઝા નૂરે લખ્યું છે કે કઈ રીતે બિહાર ચૂંટણીઓમાં નફરતી ભાષણો અપાઈ રહ્યા છે :

પટના ખાતે હિન્દુસ્તાન ટાઈમ્સ દ્વારા આયોજિત કાર્યક્રમ હિન્દુસ્તાન બિહાર સમાગમ ૨૦૨૫ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, "અમો ફક્ત ઘૂસણખોરોની વાત કરીએ છીએ, હિન્દુ ઘૂસણખોર કે મુસ્લિમ ઘૂસણખોરની વાત કરતા નથી. શું ઘૂસણખોર મુસલમાન હોય તો તેને ભારતમાં રહેવાની પરવાનગી હોવી જોઈએ ? કોંગ્રેસ એન્ડ કું. કહી રહ્યા છે કે ઘૂસણખોર મુસલમાન હોય તો તેઓ ભલે અહીં રહે. આ ધ્રુવીકરણ છે." અન્ય એક રેલીમાં તા. ૧૭–૧૦–૨૫ના શ્રી શાહે કહ્યું હતું કે, "કોંગી નેતા રાહુલ ગાંધી ઘૂસણખોર બચાવ અભિયાન ચલાવી રહ્યા છે. શું આ ઘૂસણખોરો બિહારની મતદાર યાદીમાં રહેવા જોઈએ ? ચૂંટણીપંચના તે પ્રયત્નોને અમે ટેકો આપીએ છીએ તેમને (ઘૂસણખોરોને) ન ફક્ત બિહાર પરંતુ સમગ્ર ભારતની મતદાર યાદીમાંથી હટાવી દેવા જોઈએ. તેઓ આપણા યુવાઓનો રોજગાર ચોરી રહ્યા છે. તેમના માટેનો અનાજ તેમના (ઘૂસણખોરોના) ઘરે પહોંચી રહ્યો છે. તેમણે આપણી શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવાઓને પાંગળી બનાવી નાખી છે. ભારત કોઈ ધર્મશાળા નથી કે અહીં કોઈ ઘૂસણખોર રહી નહીં શકે."

**ભારતના સૌથી મોટા રાજ્યના મુખ્યમંત્રી હલાલ ખોરાકને આતંકવાદ સાથે જોડી રહ્યા છે. દેશના ૨૨ કરોડ મુસલમાનોને બેખૌફ પરેશાન કરી અપમાનિત કરી રહ્યા છે. – રાણા ઐયુબ (પત્રકાર)**

ફારૂક સાપ્તાહિક E-Paper

તંત્રી સ્થાનેથી...

શ્રી શાહના ઉક્ત નિવેદનોથી શ્રોતાઓ સમજી રહ્યા છે કે તેઓ કયા સમુદાયને ઘૂસણખોરી સાથે સરખાવી રહ્યા છે. તેમ છતાં કોઈ કસર બાકી રહી ગઈ હોય તો તે કાર્ટૂન (વ્યંગ ચિત્ર)એ પૂરી કરી છે જે ભાજપ દ્વારા તા. ૧૯–૧૦–૨૫ના પોતાના X હેન્ડલ પર પોસ્ટ કરવામાં આવેલ છે જેમાં બિહાર તરફ આવતા વાહન પર 'કોંગ્રેસ' અને 'ઘૂસણખોરો' લખેલ છે અને મુસ્લિમ મહિલા – પુરૂષો જેવા લિબાસમાં દૈત્ય દેખાડવામાં આવ્યા છે અને બસ પર સામાન સાથે બકરી પણ બાંધેલ છે. એમાં આભાસ કરાવવામાં આવ્યું છે કે, વાહનને તેજસ્વી યાદવ ચલાવી રહ્યા છે જેના ખભા પર હાથ રાખી રાહુલ ગાંધી બેઠેલા છે.

બિહાર ભાજપ પ્રદેશ પ્રમુખ દિલિપ જયસવાલે ચૂંટણીપંચને વિનંતી કરી હતી કે બુરખો પહેરીને આવતી મહિલા મતદારોના ચહેરા ઓળખ કાર્ડ જોઈ ખરાઈ કરવામાં આવે જેના પર ચૂંટણીપંચે કહ્યું હતું કે, મતદાન મથકો પર આંગણવાડીની બહેનો હાજર રહેશે જેઓ બુરખાધારી મહિલાઓનો ચહેરો જોઈ ઓળખની ખરાઈ કરશે. આ સંદર્ભે બિહારના દાનાપુરમાં UPના મુખ્યમંત્રી યોગીએ ચૂંટણી સભામાં કહ્યું હતું કે, "ઈન્ડિયા ગઠબંધને 'વિકાસ vs બુરખા' નવા અભિયાનની શરૂઆત કરી છે. બિહારના યુવકો જ્યારે વિકાસની વાત કરી રહ્યા છે ત્યારે કોંગ્રેસ અને રાજદ બુરખા વડે પોતાની પહોંચ વધારવા માંગે છે. શું તેમને ખોટું મતદાન કરવાની પરવાનગી આપવી જોઈએ ? શું વિદેશી ઘૂસણખોરોને ગરીબ, દલિત અને બિહારના નાગરિકોને લૂંટવાનો છૂટો દોર આપવો જોઈએ ? વિશ્વમાં તમામ સ્થળોએ પોતાનો ચહેરો દેખાડી ઓળખ આપવી પડે છે, પણ અહીં તેઓ ચહેરો છૂપાવી મતદાન કરવા માંગે છે."

બિહાર ચૂંટણીઓના ગરમ માહોલ વચ્ચે યોગી દ્વારા ગોરખપુર (યુ.પી.)માં RSSના એક કાર્યક્રમમાં અપાયેલ વિવાદાસ્પદ – પાયાવિહોણું નિવેદન સૂચક છે જેમાં તેમણે કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશે હલાલ સર્ટિફિકેશન પર પ્રતિબંધ લાદયો છે, કારણ કે હલાલ સર્ટિફિકેશન દ્વારા રૂા. ૨૫,૦૦૦ કરોડની કમાણી થતી હતી જે આતંકવાદ, લવ જેહાદ, ધર્માંતરણ જેવા કામો માટે વપરાતી હતી. યોગીએ નિવેદનમાં દર્શાવેલા આંકડાઓનો કોઈ સંદર્ભ ટાંકયો ન હતો. ઉક્ત નિવેદન પર વિપક્ષે કહ્યું છે કે, હલાલ સર્ટિફિકેશન પર પ્રતિબંધ બે વર્ષ અગાઉ લગાવવામાં આવેલ છે તેને સભાઓમાં અત્યારે પુનર્જીવિત કરવાનું કારણ શું હોઈ શકે ?

નોંધનીય છે કે યોગીએ સ્થાનિક હલાલ સર્ટિફિકેશન પર પ્રતિબંધ લગાવ્યો છે પરંતુ ઉત્તરપ્રદેશથી નિકાસ થતા બીફ ને હલાલ સર્ટિફિકેશન આપવામાં આવે છે. ભારતમાં સૌથી વધુ બીફ નિકાસ કરનારૂં રાજ્ય ઉત્તરપ્રદેશ છે વાર્ષિક રૂા. ૨૬,૦૦૦ કરોડ થી વધુ નું બીફ ઉત્તરપ્રદેશમાંથી નિકાસ થાય છે.

આ ઉપરાંત ભાજપના સાંસદો – મંત્રીઓએ નમક હરામ, ટોપીધારી, સલવાર ધારી વગેરે નફરતભર્યા ભાષણો કરી રહ્યા છે તેની યાદી ઘણી લાંબી છે. નફરતભર્યા ભાષણોથી કદાચ ચૂંટણી જીતી જવાશે, સત્તા હાથમાં રહેશે પણ આ હલ્કી કક્ષાના રાજકીય પ્રપંચોથી શું આપણે પહલગામ આતંકીઓના આકાઓને મૂછમાં મલકાવવાનું કારણ નથી આપી રહ્યા ?!

## બહેનો માટે ઝિક્રે દુરૂદ વ ઈસ્તિગફાર

(ન્યૂઝ ડેસ્ક) તા. ૩–૧૧, સોમવારના સાંજે ૪:૦૦ કલાકે બહેનો માટે દુરૂદ અને ઈસ્તિગફારની બખ્શિસનો પ્રોગ્રામ રાખવામાં આવેલ છે જેમાં શરીક થવા તમામ બહેનોને આમંત્રણ આપવામાં આવે છે. **સ્થળ :** મદરસા ગુલશને ફાતેમતુઝ્ઝહરા, સરપટ ગેટ, ભુજ.




**પરખ–૧૨૬૨નાં જવાબ :**

(૧) આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ ચાંદનાં બે ટૂકડાનો મોઅજઝો મક્કાવાસીઓને બતાવ્યો.
(૨) દારૂ અને જુગાર દ્વારા શૈતાન દુશ્મની નફરત પેદા કરે છે.
(૩) અલાઈ દરવાજા કુતુબ મિનાર પરિસરનો દરવાજો છે.
(૪) એમ્નેસ્ટી ઈન્ટરનેશનલનું વડું મથક લંડનમાં આવેલું છે.
(૫) સિંદૂરનું રાસાયણિક નામ લેડ ઓકસાઈટ છે.

**પરખ–૧૨૬૩નાં જવાબ :**

(૧) હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામનો વ્યવસાય ખેતીવાડી હતો.
(૨) ઈન્શાઅલ્લાહ ન કહેવાનાં કારણે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર થોડા સમય સુધી વહીનો સિલસિલો અટકી ગયો હતો.
(૩) રણજી ટ્રોફીનાં સૌથી વધુ શતક વસીમ જાફરે લગાવ્યા છે.
(૪) ભારતનું સૌથી મોટું પરમાણુ ઉર્જા મથક કુડનકુલમ (તામીલનાડુ)માં આવેલું છે.
(૫) ભારતીય વાયુસેનાનું આદર્શ વાક્ય – "નભઃ સ્પૃશં દીપ્તમ્" છે.

**પાંચ સાચા જવાબ આપનાર વાચકો :**

આબેદીન નૂરમોહંમદ જેડા–સિક્કા (જામનગર).
ચાકી ઈમ્તિયાઝ અબ્દુલગની–મથલ.


કંકોત્રી
એલાઈટ પ્રિન્ટર્સ
સુમરા ડેલી સામે, ભુજ-કચ્છ. ફોન : ૯૮૨૫૩ ૭૬૩૯૬

કંકોત્રી
એલાઈટ ગ્રાફિક્સ
હસનપીર બજાર, મુંદરા-કચ્છ. ફોન : ૯૯૨૫૦ ૭૬૩૯૬


## મુસાખાનના સવાલ મુફ્તી સાહેબના જવાબ

**પ્રશ્નોના જવાબ સુન્ની હનફી મસલક પ્રમાણે છે**

**સવાલ : કહે છે કે જે ઘરમાં સ્ત્રીની સુવાવડ (પ્રસુતિ) થાય તે ઘરમાં ચાલીસ દિવસ સુધી કોઈ નમાઝ પઢી શકાય નહિં તે ઘરમાં કુર્આને શરીફની તિલાવત, ન્યાઝ, ફાતેહા પણ થઈ શકે નહિં શું આ વાત સાચી છે ?**

*જવાબ : આ તદ્દન જહાલત (અજ્ઞાનતા) અને ગૈર ઈસ્લામી રસમ છે. જે ઘરમાં બાળકનો જન્મ થાય તે જ ઘરમાં પાક જગ્યાએ ન્યાઝ, નમાઝ, કુર્આનની તિલાવત, દરૂદો ઝિક્ર કે ફાતેહા બધું થઈ શકે છે. શરીઅતની કોઈ મનાઈ જ નથી. આ મસ્અલો ફક્ત સુવાવડી સ્ત્રી માટે જ છે. સુવાવડી સ્ત્રીને જ્યાં સુધી નિફાસનું લોહી ચાલુ હશે ત્યાં સુધી ફક્ત તેણી નમાઝ અને તિલાવતે કુર્આન કરી શકશે નહિં.*

*(જન્નતી ઝેવર)*

**સવાલ : અઝાનમાં થોડાક શબ્દો ભૂલી ગયો અથવા શબ્દો આગળ–પાછળ થઈ ગયા તો શું હુકમ છે ?**

*જવાબ : અઝાનમાં શબ્દો આગળ પાછળ થઈ જાય તો શબ્દોને ફરી તેની જગ્યાએ દોહરાવીને અઝાન તરતીબવાર પૂરી કરે અને એમ કર્યું નહિં અને અઝાન પૂરી કરી દીધી તો થઈ ગઈ. દોહરાવવાની જરૂરત નથી. પણ જો અઝાનના થોડા શબ્દો ભૂલી ગયો અને અઝાન પૂરી કરી દીધી તો અઝાન ફરીથી પઢે. (આલમગીરી : પેજ–૫૮; કાઝીખાન : પેજ–૭૫; દુર્રે મુખ્તાર : પેજ–૧૮૧)*

**સવાલ : જો મુકીમ (સ્થાનિક રહેવાસી) મુકતદી મુસાફર ઈમામની સાથે બીજી રકાઅત અથવા કાએદામાં ચાર રકાઅતવાળી નમાઝમાં દાખલ થાય તો હવે મુકતદી પોતાની બાકી નમાઝ કેવી રીતે પઢે ?**

*જવાબ : એ સુરત મસબુક લાહકની છે. જો* ***કાએદા****માં મળે તો ઈમામના* ***સલામ*** *પછી ઊભો થઈને પહેલાં બે* ***રકાઅત*** *વગર* ***કિરઅત*** *પઢીને* ***કાએદો*** *કરે. પછી ઊભો થઈને બે* ***રકાઅત અલ્હમ્દો*** *અને* ***સૂરઃ*** *પઢીને* ***નમાઝ*** *પૂરી કરે અને જો એક* ***રકાઅત****માં ઈમામથી મળે તો ઈમામના* ***સલામ*** *પછી એક* ***રકાઅત*** *વગર* ***કિરઅત*** *પઢીને* ***કાએદો*** *કરે કે એની બે થઈ પછી ઉઠીને બીજી* ***રકાઅત*** *પણ વગર* ***કિરઅતે*** *પઢે અને તેમાં પણ* ***કાએદો*** *કરે એ એમની ત્રીજી છે. પણ ઈમામના એઅતબારથી ચોથી છે. પછી ઉઠીને એક* ***રકાઅત અલ્હમ્દો*** *અને* ***કિરઅત સના*** *અને* ***તઅવ્વુઝ*** *અને* ***તસ્મીયા (અઊઝો બિલ્લાહ*** *અને* ***બિસ્મિલ્લાહ...)*** *સાથે પઢીને* ***નમાઝ*** *પૂરી કરે.*

*(ફતાવા રઝવિયા જી–૩ : પેજ–૩૯૫; શામી)*

**સંકલન : મૌલાના મુસાખાન એમ. પઠાણ**
મુ. પો. દહીંસરા, તા. ભુજ–કચ્છ.

## ખેડૂતોનાં અધિકારો માટે કચ્છ કોંગ્રેસના ધરણા



(ન્યૂઝ ડેસ્ક) કચ્છ જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓએ ખેડૂતોને લગતા વિવિધ પ્રશ્નોના નિવારણની માગ સાથે ભુજમાં કચ્છ કલેકટર કચેરી સામે ધરણા કર્યા હતા અને મુખ્યમંત્રીને સંબોધતો આવેદન પત્ર આપી રજૂઆત કરાઈ હતી કે, ભારે વરસાદમાં નુકસાનની સહાય ચૂકવવા તેમજ સરકારે કરેલ જાહેરાત મુજબ રૂા. ૫ લાખ સુધી 0% વ્યાજે ખેડૂતોને લોન આપવી જોઈએ, ઉપેક્ષા બંધ થવી જોઈએ. વાંઢીયા તેમજ લોડાઈ ગામે ખેડૂતો તેમની જમીનમાંથી પસાર થઈ રહેલ વીજલાઈનોને તેમનું વળતર જમીનની બજારકિંમત ગણી અને ચૂકવવામાં આવવી જોઈએ. જાહેરાત મુજબ ખેડૂતોએ રૂા. ૫ લાખ સુધી પાકધિરાણ 0% વ્યાજે આપવામાં આવે. સરકારે ઉદ્યોગોના લેણા માફ થાય એ મુજબ એક વખત કચ્છના ખેડૂતોના લેણા સદંતર માફ કરવામાં આવે તો જ ખેડૂતો ખેતીમાં ટકી રહેશે. યુરીયા ખાતરની કાળા બજારી રોકી ખેડૂતોને મળતું થવું જોઈએ. જમીનોમાં ક્યાંય બિનઅધિકૃત શબ્દો લખાયેલ છે, ક્યાંક માપણી વધારાના પ્રશ્નો છે જે તાત્કાલિક ધોરણે સુધારવામાં આવે. મગફળીની ખરીદીમાં વિલંબ રોકી ટેકાના ભાવે ૩૦૦ મણ સુધી મગફળી ખરીદી સરકારે કરવી જોઈએ.

આ રજૂઆત કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વી. કે. હુંબલની આગેવાનીમાં કરવામાં આવી હતી જેમાં રામદેવસિંહ જાડેજા, ગની કુંભાર, લાખાજી સોઢા, કિશોરદાન ગઢવી, એચ. એસ. આહિર, અંજલિ ગોર, અરજણ ખાટરીયા, યુવરાજસિંહ વાઘેલા, શંભુ ડાંગર, મીત જોષી, કપિલ ગોર, મહેન્દ્રસિંહ પરમાર, હેમાંગ જોષી, રમેશ ગરવા, રશીદ સમા, શક્તિસિંહ ચૌહાણ, આઈસુબેન સમા, કાસમ સમા, ઈલિયાસ ઘાંચી, પુષ્પાબેન સોલંકી, ગોવિંદ પટેલ, શામજી આહિર, મીત ગરવા, જુણસ સમા, હરેશ આહિર, ત્રિકમ માખણ, અરજણભાઈ, ત્રિકમભાઈ, વેલજી મેરીયા, સામજી બકુતરા, કાના આહિર, અરજણ ભુડીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## બિહાર : SIRના કારણે 36 મુખ્ય ચૂંટણી અધિકારીઓની મુદત વધારાઈ

(ન્યૂઝ ડેસ્ક) સમાચાર સંસ્થા 'ધ વાયર'એ એક અહેવાલમાં લખ્યું છે કે, બિહારના લગભગ બે તૃતીયાંશ ભાગમાંથી લગભગ 36 મુખ્ય ચૂંટણી અધિકારીઓ ચૂંટણીપંચ દ્વારા શરૂ કરાયેલી SIR પ્રક્રિયાને કારણે જિલ્લાઓમાં ઓછામાં ઓછા બે થી ત્રણ વર્ષના કાર્યકાળ કરતાં વધુ સમય સુધી રહ્યા છે અને તેઓ તેમના હોદ્દા પર ચાલુ રખાયા છે. આ બધા અધિકારીઓ કાં તો નાયબ ચૂંટણી અધિકારીઓ (DyEOs) અથવા પેટા – ચૂંટણી અધિકારીઓ (SEO) છે.

જુલાઈ 2022 માં, બિહારના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીએ 34 DyEo અને 28 SEO ની યાદી જારી કરી હતી, જેમને નવા હોદ્દા પર ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. બિહારના બધા 38 જિલ્લાઓમાં એક DyEO છે, અને જિલ્લાના કદના આધારે એક થી પાંચ SEO છે.

આ અધિકારીઓને જુલાઈ અથવા ઓગસ્ટ 2025 સુધીમાં નવી પોસ્ટિંગ મળી જવી જોઈતી હતી પરંતુ જૂન 2025 માં બિહારમાં આગામી ચૂંટણીના થોડા મહિના પહેલા, ચૂંટણીપંચે SIRની જાહેરાત કરી, જેનો હેતુ રાજ્યના લગભગ ૮ કરોડ મતદારોની પાત્રતા ચકાસીને મતદાર યાદીને અપડેટ કરવાનો હતો.

ચૂંટણીપંચના નિયમો અનુસાર, જો મતદાર યાદી સુધારણા ચાલી રહી હોય, તો યાદી અપડેટ ન થાય ત્યાં સુધી સુધારણામાં સામેલ અધિકારીઓની મુદત લંબાવી શકાય છે. જે રાજકીય ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્ર ભરવાના છેલ્લા દિવસે પૂર્ણ થાય છે.

જોકે, ચૂંટણીપંચના લાંબા સમયથી ચાલતા નિયમ મુજબ, ચૂંટણી પ્રક્રિયા સાથે સીધા જોડાયેલા કોઈપણ અધિકારી ત્રણ વર્ષથી વધુ સમય સુધી એક જ જિલ્લામાં રહી શકતા નથી. ચૂંટણી અધિકારીઓને તેમના ગૃહ જિલ્લામાં સેવા આપવાની પણ મંજૂરી નથી. કોઈ અધિકારી ચૂંટણી સંબંધિત ફરજો ફકત ત્યારે જ બજાવી શકે છે જો તેઓ રાજ્યમાં કોઈપણ રાજકીય ઉમેદવાર સાથે સંબંધિત ન હોય. આ અધિકારીઓને ચોક્કસ સ્થળોએ સ્થિર થવાથી રોકવા માટે છે, જે તેમને સ્થાનિક પ્રભાવ અને પક્ષપાતી દળો માટે સંવેદનશીલ બનાવી શકે છે.

## ઇબાદત સપ્તાહ

| તારીખ | સૂર્યોદય | સૂર્યાસ્ત | ઝવાલ | અસર | મહેરી | ઈફતાર |
|---|---|---|---|---|---|---|
| ૩૧–૧૦–૨૫ | ૬–૫૮ | ૬–૧૭ | ૧૨–૩૮ | ૪–૩૫ | ૫–૩૧ | ૬–૨૧ |
| ૦૧–૧૧–૨૫ | ૬–૫૯ | ૬–૧૬ | ૧૨–૩૭ | ૪–૩૫ | ૫–૩૨ | ૬–૨૦ |
| ૦૨–૧૧–૨૫ | ૬–૫૯ | ૬–૧૬ | ૧૨–૩૭ | ૪–૩૫ | ૫–૩૨ | ૬–૨૦ |
| ૦૩–૧૧–૨૫ | ૭–૦૦ | ૬–૧૫ | ૧૨–૩૭ | ૪–૩૫ | ૫–૩૩ | ૬–૧૯ |
| ૦૪–૧૧–૨૫ | ૭–૦૧ | ૬–૧૪ | ૧૨–૩૭ | ૪–૩૫ | ૫–૩૩ | ૬–૧૮ |
| ૦૫–૧૧–૨૫ | ૭–૦૨ | ૬–૧૪ | ૧૨–૩૭ | ૪–૩૫ | ૫–૩૪ | ૬–૧૮ |
| ૦૬–૧૧–૨૫ | ૭–૦૨ | ૬–૧૩ | ૧૨–૩૭ | ૪–૩૫ | ૫–૩૪ | ૬–૧૭ |

બાજુમાં દર્શાવેલ સમય ભુજ-માંડવી માટે છે.

કચ્છના અન્ય શહેરો માટે નીચે પ્રમાણે મિનિટો વધ-ઘટ કરવી

મુંદ્રા માટે ૨ મિનિટ બાદ કરવી
અંજાર માટે ૩ મિનિટ બાદ કરવી
કંડલા માટે ૩.૩૦ મિનિટ બાદ કરવી
ભચાઉ માટે ૫ મિનિટ બાદ કરવી
રાપર માટે ૬ મિનિટ બાદ કરવી
નખત્રાણા માટે ૨ મિનિટ ઉમેરવી
નલિયા માટે ૩ મિનિટ ઉમેરવી
લખપત માટે ૪ મિનિટ ઉમેરવી

# જેહાદ : ઈસ્લામનો પવિત્ર સંકલ્પ કે દુરુપયોગ થયેલ ભાષા ?

આજના યુગમાં, જ્યારે ધર્મનો રાજકીય હેતુઓ માટે દુરુપયોગ થાય છે, ત્યારે ઈસ્લામના પવિત્ર શબ્દોનો અર્થ વિકૃત થઈ રહ્યો છે. **''જેહાદ''** એવો જ એક શબ્દ છે, જે ઈસ્લામના આધ્યાત્મિક અને નૈતિક સંદર્ભમાંથી ઉદ્‌ભવ્યો હોવા છતાં, ચરમપંથી જૂથો અને રાજકીય તત્વોના કારણે હિંસા, ભય અને ગેરસમજનું પ્રતીક બની ગયો છે. ભારત જેવા બહુસાંસ્કૃતિક દેશમાં, **''લવ જેહાદ'', ''લેન્ડ જેહાદ''** અને **''શરબત જેહાદ''** જેવા શબ્દોનો ઉપયોગ મુસ્લિમ સમુદાય વિરુધ્ધ નફરત ફેલાવવા માટે થયો છે. આ લેખમાં, અમે **''જેહાદ''**ના મૂળ અર્થ, તેના પ્રકારો, ઈસ્લામિક કાયદા (શરિઆ) અનુસાર તેની માન્યતા, તેમજ નિકાહ, જમીનના વ્યવહારો અને બિન–ઈસ્લામિક રાષ્ટ્રોમાં ધર્મયુધ્ધની હાકલની શરિઆ અનુસાર અમાન્યતાની વિગતવાર ચર્ચા કરીશું. આ બધું કુર્આન અને હદીસના સંદર્ભો સાથે સમજાવવામાં આવશે.

**ઓઓ જેહાદનો મૂળ અર્થ ઓઓ**

**''જેહાદ''** એ અરબી શબ્દ છે, જેનો અર્થ છે **''પ્રયાસ કરવો'', ''સંઘર્ષ કરવો''** અથવા **''મહેનત કરવી''**. ઈસ્લામમાં, જેહાદ એ એક પવિત્ર સંકલ્પ છે, જે વ્યક્તિ અને સમાજને નૈતિક, આધ્યાત્મિક અને સામાજિક રીતે ઉન્નત બનાવવા પ્રેરે છે. કુર્આન અને હદીસમાં જેહાદને મુખ્યત્વે **અંતઃકરણ (નફ્સ સામે)** અને **બાહ્ય (અન્યાય સામે)** સંઘર્ષ તરીકે વર્ણવવામાં આવ્યો છે. આ સંઘર્ષનો હેતુ હંમેશા ન્યાય, સત્ય અને અલ્લાહની ઈચ્છાને અનુસરવાનો હોય છે, નહીં હિંસા કે વિનાશ.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અલ–હજ્જ (22:78) : ''અને અલ્લાહના માર્ગમાં યોગ્ય રીતે જેહાદ (પ્રયાસ) કરો.''** – આ આયત જેહાદને અલ્લાહના માર્ગમાં સાચા પ્રયાસ તરીકે રજૂ કરે છે.

• **સૂરઃ અલ–અન્કબૂત (29:69) : ''જેઓ અમારા માર્ગમાં જેહાદ કરે છે, અમે તેમને અમારા માર્ગો બતાવીએ છીએ.''** – આ આયત જેહાદને આધ્યાત્મિક માર્ગદર્શન સાથે જોડે છે.

**[ હદીસનો સંદર્ભ ]**

• પયગમ્બર મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ કહ્યું : **''સૌથી મહાન જેહાદ એ છે કે વ્યક્તિ પોતાના નફ્સ (આત્મા) અને તેની ઈચ્છાઓ સામે સંઘર્ષ કરે.''** (સુનન ઈબ્ને માજા, હદીસ નં. 3979)

• બીજી હદીસમાં, પયગમ્બર મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ યુધ્ધમાંથી પાછા ફરતા સૈનિકોને કહ્યું : **''તમે નાના જેહાદમાંથી પાછા ફર્યા છો, હવે મહાન જેહાદ (નફ્સ – અંતઃકરણ સામેનો) બાકી છે.''** (બયહકી)

**ઓઓ જેહાદના પ્રકારો ઓઓ**

ઈસ્લામિક વિદ્વાનો જેહાદને ચાર મુખ્ય પ્રકારોમાં વહેંચે છે, જે તેના વ્યાપક અર્થને સ્પષ્ટ કરે છે :

**(૧) નફ્સ સામેનો જેહાદ (જિહાદ–અલ–નફ્સ)**

• આને **''મહાન જેહાદ''** કહેવામાં આવે છે, જેમાં વ્યક્તિ પોતાના નકારાત્મક ગુણો જેવા કે લોભ, ક્રોધ, હવસ અને ઈર્ષા સામે લડે છે. આ આત્મ–શુધ્ધિનો માર્ગ છે.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અશ–શરહ (94-5-6) : ''નિશ્ચિત જ, મુશ્કેલી સાથે સરળતા છે.''** – આ આયત આંતરિક સંઘર્ષમાં ધીરજનું મહત્વ દર્શાવે છે.

**[ ઉદાહરણ ]**

• નિયમિત **નમાઝ** પઢવા માટે આળસ અને વ્યસ્તતા પર વિજય મેળવવો.

**(૨) જ્ઞાન સામેનો જેહાદ (જિહાદ–અલ–ઈલ્મ)**

• આ જેહાદ અજ્ઞાનતા દૂર કરવા અને જ્ઞાનનો પ્રસાર કરવા સાથે સંબંધિત છે.

**[ હદીસનો સંદર્ભ ]**

• **''જ્ઞાનની શોધ દરેક મુસ્લિમ પર ફરજ છે.''** (ઈબ્ને માજા, હદીસ નં. ૨૨૪)

**[ ઉદાહરણ ]**

• ગરીબ વિસ્તારોમાં શિક્ષણ ફેલાવવું.

**(૩) અન્યાય સામેનો જેહાદ (જિહાદ–અલ–ઝુલ્મ)**

• આ જેહાદ સમાજમાં ન્યાય, સમાનતા અને શાંતિ માટે અન્યાય સામે શાંતિપૂર્ણ લડત આપવા વિશે છે.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અન–નિશા (4-75) : ''અને તમે શા માટે અલ્લાહના માર્ગમાં અને નબળા લોકો માટે લડતા નથી.''**

**[ ઉદાહરણ ]**

• અહિંસક આંદોલનો દ્વારા અન્યાયનો વિરોધ.

**(૪) સ્વરક્ષણ માટેનો જેહાદ (જિહાદ–અલ–દિફા)**

• આ **''નાનો જેહાદ''** છે, જે માત્ર ત્યારે માન્ય છે જ્યારે ઈસ્લામ, મુસ્લિમો અથવા નિર્દોષ લોકો પર ઘાતકી હુમલો થાય. આમાં નૈતિક નિયમોનું પાલન જરૂરી છે, જેમ કે નાગરિકો, સ્ત્રીઓ, બાળકો અને ધાર્મિક સ્થળોને નુકસાન ન કરવું.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ બકરહ (2-190) : ''અને અલ્લાહના માર્ગમાં તે લોકો સામે લડો જે તમારી સામે લડે, પરંતુ હદ વટાવશો નહીં.''**

**[ ઉદાહરણ ]**

• આક્રમણ સમયે સ્વરક્ષણ માટે લડવું.

**ઓઓ ઈસ્લામિક કાયદા પ્રમાણે નિકાહની માન્યતા ઓઓ**

ઈસ્લામમાં નિકાહ એ એક પવિત્ર કરાર છે, જે બંને પક્ષોની સંમતિ અને શરિઆના નિયમોના આધારે થાય છે. પરધર્મી (બિન–મુસ્લિમ) યુવતી સાથે નિકાહની માન્યતા માટે નીચેની શરતો છે :

**(૧) સ્વૈચ્છિક ધર્માંતરણ**

• જો પરધર્મી યુવતી ઈસ્લામ સ્વીકારે, તો તેનું ધર્માંતરણ પૂર્ણ ઈમાનદારી અને હૃદયથી હોવું જોઈએ. બળજબરીથી ધર્માંતરણ ઈસ્લામમાં સખત પ્રતિબંધિત છે.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અલ–બકરહ (2-256) : ''ધર્મમાં કોઈ બળજબરી નથી.''** – આ આયત ધર્મની સ્વતંત્રતાનો ભાર આપે છે.

• જો યુવતી માત્ર નિકાહ માટે નામનું ધર્માંતરણ કરે, પરંતુ હૃદયથી ઈસ્લામ સ્વીકારે નહીં, તો આવું ધર્માંતરણ શરિઆ પ્રમાણે અમાન્ય છે.

**(૨) અહલે–કિતાબ સાથે નિકાહ**

• મુસ્લિમ પુરૂષોને અહલે–કિતાબ (ખ્રિસ્તી અને યહૂદી સ્ત્રીઓ) સાથે નિકાહની છૂટ છે, ભલે તેઓ પોતાના ધર્મમાં રહે.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અલ–માઈદા (5-5) : ''પવિત્ર અહલે–કિતાબની સ્ત્રીઓ સાથે વિવાહ કરવું માન્ય છે.''**

• જોકે, હિન્દુ, બૌધ્ધ વગેરે ધર્મોની સ્ત્રીઓ, જે અહલે–કિતાબમાં સામેલ નથી, તેમની સાથે નિકાહ માટે ઈસ્લામ સ્વીકારવું ફરજિયાત છે.

**(૩) લવ જેહાદનો આરોપ**

• **''લવ જેહાદ''** એ આરોપ છે કે મુસ્લિમ યુવકો બળજબરીથી બિન–મુસ્લિમ યુવતીઓનું ધર્માંતરણ કરાવે છે. આ ઈસ્લામના સિધ્ધાંતોની વિરુધ્ધ છે, કારણ કે શરિઆ બળજબરીથી નિકાહ અથવા ધર્માંતરણને માન્યતા આપતી નથી.

લેખક :
પીર સૈયદ ઈસ્હાકમિયાં
અલ અબ્બાસી અલહાશ્મી
ખાનકાહે આલીયા : નકશબંદીયા, ચિશ્તિયા, સાબિરિયા, અશરફીયા, ભુજ-કચ્છ.

**[ હદીસનો સંદર્ભ ]**

• **''નિકાહ માત્ર બંને પક્ષોની સંમતિથી માન્ય છે.''** (સહીહ બુખારી, હદીસ નં. 5138)

• ભારતની અદાલતોએ **''લવ જેહાદ''**ના ઘણાં કેસોમાં આરોપોને આધારહીન ગણાવ્યા છે, જેમાં સામાન્ય રીતે પ્રેમ અને સંમતિના આધારે નિકાહ થયા હોવાનું જણાવ્યું છે.

**ઓઓ જમીનના ગેરકાયદેસર વ્યવહારો (લેન્ડ જેહાદ) ઓઓ**

ઈસ્લામમાં, જમીન અને મિલ્કતના વ્યવહારોમાં ઈમાનદારી, પારદર્શિતા અને કાયદેસરતા ફરજિયાત છે. જમીન પચાવી પાડવી, ગેરકાયદેસર હડપ કરવી અથવા બળજબરીથી કબજો કરવો શરિઆ પ્રમાણે હરામ (પ્રતિબંધિત) છે.

**(૧) નૈતિક વ્યવહારો**

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અલ–બકરહ (2-188) : ''અને તમે એકબીજાની મિલકતો અન્યાયપૂર્વક ખાશો નહીં.''** – આ આયત જમીનના ગેરકાયદેસર વ્યવહારોની નિંદા કરે છે.

**[ હદીસનો સંદર્ભ ]**

• **''જે વ્યક્તિ અન્યની જમીન ગેરકાયદેસર હડપ કરે, તેને કયામતના દિવસે તે જમીનનો બોજ ઉઠાવવો પડશે.''** (સહીહ મુસ્લિમ, હદીસ નં. 1610)

**(૨) લેન્ડ જેહાદનો આરોપ**

• **''લેન્ડ જેહાદ''** એ આરોપ છે કે મુસ્લિમો હિન્દુ વિસ્તારોમાં જમીન ખરીદીને ષડયંત્ર રચે છે. જોકે, જમીન ખરીદી એ કાયદેસર વ્યવહાર છે, જે દેશના કાયદા અને શરિઆનું પાલન કરે છે. આવા આરોપો રાજકીય લાભ અને સાંપ્રદાયિક ધ્રુવીકરણ માટે ઉપયોગમાં લેવાય છે, જે ઈસ્લામના ન્યાયના સિધ્ધાંતોની વિરુધ્ધ છે.

**ઓઓ બિન–ઈસ્લામિક રાષ્ટ્રોમાં ધર્મયુધ્ધની હાકલ ઓઓ**

બિન–ઈસ્લામિક રાષ્ટ્રો (જેમ કે ભારત)માં **''જેહાદ''**ના નામે ધર્મયુધ્ધની હાકલ શરિઆ પ્રમાણે અમાન્ય અને પ્રતિબંધિત છે. ઈસ્લામ શાંતિ, સહઅસ્તિત્વ અને દેશના કાયદાનું પાલન કરવાનું શિક્ષણ આપે છે.

**(૧) શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ**

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અલ–મુમતાહિના (60:8) : ''અલ્લાહ તમને તે લોકો સાથે ન્યાય અને દયા સાથે વર્તવાથી રોકતો નથી, જેઓએ તમારી સામે ધર્મના કારણે લડાઈ નથી કરી.''** – આ આયત બિન–મુસ્લિમો સાથે શાંતિપૂર્ણ સંબંધોની હિમાયત કરે છે.

• ભારતમાં, મુસ્લિમોને ધાર્મિક સ્વતંત્રતા અને સુરક્ષા મળે છે, તેથી શરિઆ અનુસાર તેઓએ બંધારણ અને કાયદાનું પાલન કરવું જોઈએ.

**(૨) ધર્મયુધ્ધની શરતો**

શરિઆ અનુસાર, ધર્મયુધ્ધ (જિહાદ–અલ–કિતાબ) માત્ર ચોક્કસ શરતો હેઠળ માન્ય છે :

• સ્વરક્ષણ માટે, જ્યારે ઈસ્લામ અથવા મુસ્લિમો પર ઘાતકી હુમલો થાય.

• રાષ્ટ્રના વડા (ખલીફા અથવા શાસક)ની સત્તા હેઠળ, નહીં કે વ્યક્તિગત અથવા જૂથના નિર્ણયથી.

• નૈતિક નિયમોનું પાલન, જેમ કે નિર્દોષોને નુકસાન ન કરવું.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અલ–બકરહ (2:191) : ''અને તેમની સામે લડો જ્યાં સુધી ફિત્ના (અન્યાય) નાબૂદ ન થાય, પરંતુ જો તેઓ રોકાઈ જાય, તો હુમલો બંધ કરો.''**

• બિન–ઈસ્લામિક રાષ્ટ્રોમાં, જ્યાં ધાર્મિક સ્વતંત્રતા અને સુરક્ષા મળે છે, ધર્મયુધ્ધની હાકલ શરિઆ પ્રમાણે ગેરકાયદેસર છે.

**(૩) દેશના કાયદાનું પાલન**

**[ હદીસનો સંદર્ભ ]**

• **''મુસ્લિમો માટે જરૂરી છે કે તેઓ તે શરતોનું પાલન કરે, જેના હેઠળ તેઓ રહે છે, સિવાય કે તે હરામ હોય.''** (સહીહ બુખારી)

• ભારતમાં મુસ્લિમોને ધર્મની સ્વતંત્રતા મળે છે, તેથી **'જેહાદ'**ના નામે હિંસા ઈસ્લામના સિધ્ધાંતોની વિરુધ્ધ છે.

**ઓઓ જેહાદનો દુરુપયોગ ઓઓ**

જેહાદનો મૂળ અર્થ નૈતિક અને આધ્યાત્મિક સંઘર્ષ હોવા છતાં, આધુનિક સમયમાં તેનો દુરુપયોગ થયો છે.

**(૧) ચરમપંથી જૂથો દ્વારા**

• ISIS અને અલ–કાયદા જેવા જૂથો જેહાદના નામે હિંસા અને આતંકવાદ ફેલાવે છે, જે ઈસ્લામના શાંતિ અને ન્યાયના સિધ્ધાંતોની વિરુધ્ધ છે.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અલ–માઈદા (5-32) : ''જે વ્યક્તિ એક નિર્દોષ વ્યક્તિની હત્યા કરે, તે જાણે કે આખી માનવજાતની હત્યા કરે.''**

**(૨) રાજકીય અને ધર્મવિરોધી તત્વો દ્વારા**

• ભારતમાં **'લવ જેહાદ', 'લેન્ડ જેહાદ', 'શરબત જેહાદ'** જેવા શબ્દોનો ઉપયોગ મુસ્લિમ સમુદાય વિરુધ્ધ નફરત અને ભય ફેલાવવા માટે થયો છે.

• **ઉદાહરણ :** બાબા રામદેવની **'શરબત જેહાદ'** ટિપ્પણી, જેમાં મુસ્લિમ વેપારીઓ પર આરોપ લગાવાયો, સમાજમાં વિભાજન ઊભું કરે છે.

• આવા આરોપો ઘણીવાર રાજકીય લાભ મેળવવા અને ચૂંટણીઓમાં ધ્રુવીકરણ માટે ઉપયોગમાં લેવાય છે, જેનો કોઈ નક્કર પૂરાવો નથી.

**ઓઓ જેહાદનો સાચો સંદર્ભ પુનઃસ્થાપિત કરવા માટેના પગલાં ઓઓ**

જેહાદના દુરુપયોગને રોકવા અને તેના મૂળ અર્થને પુનઃસ્થાપિત કરવા માટે નીચેના પગલાં જરૂરી છે :

**(૧) શિક્ષણ અને જાગૃતિ**

• શાળાઓ, કોલેજો અને સામાજિક મંચો દ્વારા ઈસ્લામના સાચા સિધ્ધાંતો અને જેહાદના મૂળ અર્થ વિશે જાગૃતિ ફેલાવવી.

**[ હદીસનો સંદર્ભ ]**

• **''જે વ્યક્તિ સત્યનો માર્ગ બતાવે, તેને તેનું પુણ્ય મળે છે.''** (સહીહ મુસ્લિમ)

**(૨) આંતરધાર્મિક સંવાદ :**

• વિવિધ ધર્મોના લોકો વચ્ચે સંવાદ અને સહયોગ વધારવો, જેથી ગેરસમજ દૂર થાય.

**(૩) કાયદાકીય પગલાં**

• નફરત ફેલાવનારા નિવેદનો અને શબ્દોના દુરુપયોગ સામે કડક કાયદાકીય પગલાં લેવા, ખાસ કરીને **'લવ જેહાદ'** જેવા શબ્દોનો રાજકીય ઉપયોગ રોકવા.

**(૪) મીડિયાની જવાબદારી**

• મીડિયાએ જેહાદનો સાચો સંદર્ભ રજૂ કરવો અને નકારાત્મક પ્રચાર ટાળવો.

**ઓઓ નિષ્કર્ષ ઓઓ**

**''જેહાદ''** એ ઈસ્લામનો પવિત્ર સંકલ્પ છે, જે આત્મ–શુધ્ધિ, ન્યાય અને શાંતિનો માર્ગ બતાવે છે.

કુર્આન અને હદીસ અનુસાર, **જેહાદ** એ આંતરિક સંઘર્ષ, જ્ઞાનનો પ્રસાર, અન્યાય સામે લડત અને સ્વરક્ષણનો માર્ગ છે. શરિઆ પ્રમાણે, નિકાહ માટે સ્વૈચ્છિક ધર્માંતરણ જરૂરી છે, જમીનના ગેરકાયદેસર વ્યવહારો હરામ છે, અને બિન–ઈસ્લામિક રાષ્ટ્રોમાં ધર્મયુધ્ધની હાકલ અમાન્ય છે. **'લવ જેહાદ', 'લેન્ડ જેહાદ'** અને **'શરબત જેહાદ'** જેવા શબ્દો રાજકીય સ્વાર્થ માટે ઉપયોગમાં લેવાય છે, જે ઈસ્લામના શાંતિ અને ન્યાયના સિધ્ધાંતોની વિરુધ્ધ છે. શિક્ષણ, આંતરધાર્મિક સંવાદ અને જવાબદાર મીડિયા દ્વારા જેહાદનો સાચો અર્થ પુનઃસ્થાપિત કરી શકાય છે, જેથી સમાજમાં પ્રેમ, કરુણા અને સંવાદિતા વધે. આજના યુગમાં, જ્યારે ધર્મનો રાજકીય હેતુઓ માટે દુરુપયોગ થાય છે, ત્યારે ઈસ્લામના પવિત્ર શબ્દોનો અર્થ વિકૃત થઈ રહ્યો છે. **''જેહાદ''** એવો જ એક શબ્દ છે, જે ઈસ્લામના આધ્યાત્મિક અને નૈતિક સંદર્ભમાંથી ઉદ્‌ભવ્યો હોવા છતાં, ચરમપંથી જૂથો અને રાજકીય તત્વોના કારણે હિંસા, ભય અને ગેરસમજનું પ્રતીક બની ગયો છે. ભારત જેવા બહુસાંસ્કૃતિક દેશમાં, **''લવ જેહાદ'', ''લેન્ડ જેહાદ''** અને **''શરબત જેહાદ''** જેવા શબ્દોનો ઉપયોગ મુસ્લિમ સમુદાય વિરુધ્ધ નફરત ફેલાવવા માટે થયો છે. આ લેખમાં, અમે **''જેહાદ''**ના મૂળ અર્થ, તેના પ્રકારો, ઈસ્લામિક કાયદા (શરિઆ) અનુસાર તેની માન્યતા, તેમજ નિકાહ, જમીનના વ્યવહારો અને બિન–ઈસ્લામિક રાષ્ટ્રોમાં ધર્મયુધ્ધની હાકલની શરિઆ અનુસાર અમાન્યતાની વિગતવાર ચર્ચા કરીશું. આ બધું કુર્આન અને હદીસના સંદર્ભો સાથે સમજાવવામાં આવશે.

**ઓઓ જેહાદનો મૂળ અર્થ ઓઓ**

**''જેહાદ''** એ અરબી શબ્દ છે, જેનો અર્થ છે **''પ્રયાસ કરવો'', ''સંઘર્ષ કરવો''** અથવા **''મહેનત કરવી''**. ઈસ્લામમાં, જેહાદ એ એક પવિત્ર સંકલ્પ છે, જે વ્યક્તિ અને સમાજને નૈતિક, આધ્યાત્મિક અને સામાજિક રીતે ઉન્નત બનાવવા પ્રેરે છે. કુર્આન અને હદીસમાં જેહાદને મુખ્યત્વે **અંતઃકરણ (નફ્સ સામે)** અને **બાહ્ય (અન્યાય સામે)** સંઘર્ષ તરીકે વર્ણવવામાં આવ્યો છે. આ સંઘર્ષનો હેતુ હંમેશા ન્યાય, સત્ય અને અલ્લાહની ઈચ્છાને અનુસરવાનો હોય છે, નહીં હિંસા કે વિનાશ.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અલ–હજ્જ (22:78) : ''અને અલ્લાહના માર્ગમાં યોગ્ય રીતે જેહાદ (પ્રયાસ) કરો.''** – આ આયત જેહાદને અલ્લાહના માર્ગમાં સાચા પ્રયાસ તરીકે રજૂ કરે છે.

• **સૂરઃ અલ–અન્કબૂત (29:69) : ''જેઓ અમારા માર્ગમાં જેહાદ કરે છે, અમે તેમને અમારા માર્ગો બતાવીએ છીએ.''** – આ આયત જેહાદને આધ્યાત્મિક માર્ગદર્શન સાથે જોડે છે.

**[ હદીસનો સંદર્ભ ]**

• પયગમ્બર મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ કહ્યું : **''સૌથી મહાન જેહાદ એ છે કે વ્યક્તિ પોતાના નફ્સ (આત્મા) અને તેની ઈચ્છાઓ સામે સંઘર્ષ કરે.''** (સુનન ઈબ્ને માજા, હદીસ નં. 3979)

• બીજી હદીસમાં, પયગમ્બર મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ યુધ્ધમાંથી પાછા ફરતા સૈનિકોને કહ્યું : **''તમે નાના જેહાદમાંથી પાછા ફર્યા છો, હવે મહાન જેહાદ (નફ્સ – અંતઃકરણ સામેનો) બાકી છે.''** (બયહકી)

**ઓઓ જેહાદના પ્રકારો ઓઓ**

ઈસ્લામિક વિદ્વાનો જેહાદને ચાર મુખ્ય પ્રકારોમાં વહેંચે છે, જે તેના વ્યાપક અર્થને સ્પષ્ટ કરે છે :

**(૧) નફ્સ સામેનો જેહાદ (જિહાદ–અલ–નફ્સ)**

• આને **''મહાન જેહાદ''** કહેવામાં આવે છે, જેમાં વ્યક્તિ પોતાના નકારાત્મક ગુણો જેવા કે લોભ, ક્રોધ, હવસ અને ઈર્ષા સામે લડે છે. આ આત્મ–શુધ્ધિનો માર્ગ છે.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અશ–શરહ (94-5-6) : ''નિશ્ચિત જ, મુશ્કેલી સાથે સરળતા છે.''** – આ આયત આંતરિક સંઘર્ષમાં ધીરજનું મહત્વ દર્શાવે છે.

**[ ઉદાહરણ ]**

• નિયમિત **નમાઝ** પઢવા માટે આળસ અને વ્યસ્તતા પર વિજય મેળવવો.

**(૨) જ્ઞાન સામેનો જેહાદ (જિહાદ–અલ–ઈલ્મ)**

• આ જેહાદ અજ્ઞાનતા દૂર કરવા અને જ્ઞાનનો પ્રસાર કરવા સાથે સંબંધિત છે.

**[ હદીસનો સંદર્ભ ]**

• **''જ્ઞાનની શોધ દરેક મુસ્લિમ પર ફરજ છે.''** (ઈબ્ને માજા, હદીસ નં. ૨૨૪)

**[ ઉદાહરણ ]**

• ગરીબ વિસ્તારોમાં શિક્ષણ ફેલાવવું.

**(૩) અન્યાય સામેનો જેહાદ (જિહાદ–અલ–ઝુલ્મ)**

• આ જેહાદ સમાજમાં ન્યાય, સમાનતા અને શાંતિ માટે અન્યાય સામે શાંતિપૂર્ણ લડત આપવા વિશે છે.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અન–નિશા (4-75) : ''અને તમે શા માટે અલ્લાહના માર્ગમાં અને નબળા લોકો માટે લડતા નથી.''**

**[ ઉદાહરણ ]**

• અહિંસક આંદોલનો દ્વારા અન્યાયનો વિરોધ.

**(૪) સ્વરક્ષણ માટેનો જેહાદ (જિહાદ–અલ–દિફા)**

• આ **''નાનો જેહાદ''** છે, જે માત્ર ત્યારે માન્ય છે જ્યારે ઈસ્લામ, મુસ્લિમો અથવા નિર્દોષ લોકો પર ઘાતકી હુમલો થાય. આમાં નૈતિક નિયમોનું પાલન જરૂરી છે, જેમ કે નાગરિકો, સ્ત્રીઓ, બાળકો અને ધાર્મિક સ્થળોને નુકસાન ન કરવું.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ બકરહ (2-190) : ''અને અલ્લાહના માર્ગમાં તે લોકો સામે લડો જે તમારી સામે લડે, પરંતુ હદ વટાવશો નહીં.''**

**[ ઉદાહરણ ]**

• આક્રમણ સમયે સ્વરક્ષણ માટે લડવું.

**ઓઓ ઈસ્લામિક કાયદા પ્રમાણે નિકાહની માન્યતા ઓઓ**

(અનુસંધાન પાના ૬ ઉપર)

# સાદગીયુક્ત લગ્ન : પવિત્ર સુખી જીવન

મૂળ લેખક : મૌલાના મોહ્યુદ્દીન ગાઝી
ગુજરાતી અનુવાદ : મુહંમદ અમીન શેઠ, મોડાસા.

ભારતની સામાન્ય વસ્તી ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહી છે. વધતી જતી બેરોજગારી, આકાશને આંબતી મોંઘવારી, જીવન જરૂરિયાતની વસ્તુઓની સતત વધતી જતી માંગ અને તેના પ્રમાણમાં નજીવી આવક. ખાસ કરીને દેશની મુસ્લિમ વસ્તી વધુ ગંભીર આર્થિક પડકારોનો સામનો કરી રહી છે. ફાસીવાદી પરિબળોના એજન્ડામાં તેમને આર્થિક રીતે પછાત રાખવાનો સમાવેશ થાય છે. ઘણા રાજ્યોમાં યોજનાબધ્ધ રીતે તેમની આર્થિક કેડ ભાંગવાના પ્રયાસો પણ થઈ રહ્યા છે. તેમના પર ઉદ્યોગ અને વેપારના ક્ષેત્રો સાંકડા થઈ રહ્યા છે. સામાન્ય વસ્તીની સરખામણીમાં તેમના માટે આર્થિક સમૃધ્ધિ અને વિકાસની તકો બહુ ઓછી છે. આવી પરિસ્થિતિમાં, મુસલમાનોએ તેમની સંપત્તિના યોગ્ય ઉપયોગ વિશે વિચારશીલ અને સમજદારીભર્યું વલણ અપનાવવું જોઈએ. વ્યર્થ ખર્ચ કરવાની ટેવ કોઈપણ વ્યક્તિ માટે યોગ્ય ન હોઈ શકે, પરંતુ જે સમુદાય આવા મોટા આર્થિક સંકટોનો સામનો કરી રહ્યો હોય તેના માટે તો કોઈપણ નામે આ ટેવ વિનાશક છે. મુસ્લિમોમાં ભવ્ય લગ્નોનો વધતો વ્યાપ સ્પષ્ટ પૂરાવો છે કે તેઓ તેમની અર્થવ્યવસ્થાની સામે ઊભા થયેલ પડકારો પ્રત્યે સંપૂર્ણ રીતે બેપરવા છે. આ સાચું છે કે માત્ર સરળ રીતે લગ્નના ઉડાઉ ખર્ચને રોકવાથી મુસ્લિમોની અર્થવ્યવસ્થા સુધરશે નહીં, પરંતુ મોટાપાયે લગ્નના શાહી ખર્ચાઓ આ વાતનો સંકેત છે કે મુસ્લિમો આર્થિક સ્થિરતા પ્રત્યે સભાન નથી.

* * *

આર્થિક પડકાર કરતાં વધુ ગંભીર સામાજિક પડકાર છે. લગ્ન અને તેના દ્વારા બની રહેલ કુટુંબ–વ્યવસ્થાને નાબૂદ કરવા માટે વિશ્વવ્યાપી ઝુંબેશ ચાલી રહી છે. લગ્નેતર સંબંધો અને લિવ ઈન રિલેશનશિપને મોટાપાયે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. કુટુંબ અને કુટુંબ વ્યવસ્થાના સૌથી મોટા રક્ષક આજે પણ મુસ્લિમો જ છે. મુસ્લિમો હજુ પણ હયા (લજ્જા), પોશાક અને હિજાબ પ્રત્યે મજબૂત જોડાણ ધરાવે છે. અશ્લીલતા અને નગ્નતાના પૂર સામે અડગ ઊભા રહેવા માટે લગ્નને બને તેટલું સાદું, બાહ્ય આડંબરથી મુક્ત અને લગ્ન પછીના જીવનને શક્ય હોય તેટલું સરળ અને સુખી બનાવવું જરૂરી છે. મોંઘા લગ્નોનો ટ્રેન્ડ લગ્નને વધુ ને વધુ મુશ્કેલ બનાવી રહ્યો છે. મોંઘા લગ્ન અને વૈભવી દાંપત્ય જીવનની તૈયારીઓ એટલી મુશ્કેલ બની ગઈ છે કે લગ્નમાં વધુ પડતો વિલંબ થઈ રહ્યો છે. જો મુસ્લિમો તેમના સમાજને અનૈતિકતાના તોફાનથી બચાવવા માંગતા હોય, તો તેઓએ ઓછા ખર્ચે લગ્નો અને સાદા–સુખી લગ્ન જીવનને પ્રોત્સાહન આપવું પડશે. થોડાક કલાકોનાં કામચલાઉ આનંદ અને મુઠ્ઠીભર લોકોના સામે દેખાડા માટે આખી સામાજિક વ્યવસ્થાને જોખમમાં મૂકવી એ કોઈ પણ રીતે વાજબી ગણી શકાય નહીં.

* * *

બીજો ભયાવહ પડકાર મનોવૈજ્ઞાનિક છે. ભૌતિકવાદના વધતા દબાણે માણસને અંદરથી ખોખલો અને બેચેન બનાવી દીધો છે. જીવનની ખુશીઓ જોતાં પહેલાં વ્યક્તિ જીવનની મુશ્કેલીઓનો ભોગ બને છે. મોટાભાગના માણસો કિશોરાવસ્થાની શરૂઆતથી જ માનસિક તાણથી પીડાય છે. મુશ્તાક યૂસુફીનું વાક્ય નવી પેઢી માટે સાચું છે : "જે દિવસે બાળકના ખિસ્સામાંથી નકામી વસ્તુઓને બદલે પૈસા નિકળે, ત્યારે સમજી લેવું જોઈએ કે તે હવે ઘસઘસાટ ઊંઘી શકશે નહીં."

ભૌતિક લક્ષ્યો સર્વસ્વ બની ગયા છે અને તેમને હાંસિલ કરવાની દોડમાં ભાગ લેવો એ સખત મહેનતનું કામ બની ગયું છે. દરેક વ્યક્તિ પોતાના ભવિષ્ય વિશે અનિશ્ચિત છે. આવી સ્થિતિમાં, લગ્ન વ્યક્તિ માટે સુખ અને શાંતિનો મુખ્ય સ્ત્રોત છે. અલ્લાહે માનવને સ્ત્રી અને પુરૂષના રૂપમાં બનાવ્યા છે જેથી તેઓ એકબીજાથી શાંતિ પ્રાપ્ત કરી શકે. લગ્નને ભારે ખર્ચ સાથે જોડીને મનુષ્યએ લગ્નને આરામનું સાધન તો નથી બનાવ્યું પણ તેને માનસિક ચિંતા અને તણાવનું કારણ બનાવી દીધું છે. જ્યારે કોઈ યુવક તેના લગ્ન વિશે વિચારે છે, ત્યારે તેને લાગે છે કે તેની સામે એક પર્વત છે, જેને પાર કરવામાં તેને વર્ષો લાગી જશે. છોકરીઓના માતા–પિતાની ચિંતા વિશે તો પૂછી જ ન શકાય.

**ઉડ જાતી હૈં ક્યૂઁ આંખોંકી નીંદેં મેરી બેટી સયાની હો ગઈ ક્યા !**

* * *

કેટલાક અવગુણો લોકોના હૃદયમાં સદ્‌ગુણોનું રૂપ ધારણ કરી લે છે. તે ખરાબ છે તે સ્વીકારવું પણ ખૂબ મુશ્કેલ થઈ જાય છે. ખર્ચાળ લગ્ન આવું જ એક દૂષણ છે. લોકો દિવસો સુધી ભવ્ય લગ્નની વાતો કરે છે. તેને ગૌરવપૂર્ણ ઘટના તરીકે વર્ણવે છે. જ્યારે સામાન્ય ધોરણે વિચારીએ તો ખબર પડે છે કે તે કોઈ ગૌરવપૂર્ણ ઘટના નથી બલ્કે સંપૂર્ણ ગેરસમજ અને અજ્ઞાનતાભર્યું કૃત્ય છે. જો તેને શાણપણ અને સમજણના ત્રાજવે તોલવામાં આવે અને તેના પરિણામોનું વિશ્લેષણ થાય, અને સમાજ પર તેની અસરો જોવા મળે, ત્યારે ખબર પડે છે કે આ માત્ર અજ્ઞાનતાનું જ કૃત્ય નથી બલ્કે સમગ્ર સમાજ માટે ખૂબ જ નુકસાનકારક અને ઘાતક કૃત્ય છે.

* * *

ખર્ચાળ લગ્ન એ જટિલ સમસ્યા છે. તેની અંદર બીજા ઘણા મોટા દૂષણો સમાયેલા છે, જેમ કે ઉડાઉપણું અને અપવ્યય, સંપત્તિ અને ઉચ્ચ હોદ્દાનું પ્રદર્શન, ઘણી જગ્યાએ મખ્લૂત (એકીકૃત સ્ત્રી–પુરૂષ) મહેફિલો અને સ્ત્રીઓની સુંદરતા અને શોભાનું પ્રદર્શન, ભોજનનો અતિરેક, ખોરાકનો બગાડ વગેરે. આ દૂષણના ગર્ભમાંથી બીજા ઘણા દૂષણો જન્મે છે, જેમ કે લગ્ન મુશ્કેલ બની જાય છે. લગ્નમાં વિલંબ થઈ શકે છે. પરિણામે, યુવા પેઢી માનસિક અસ્વસ્થતા અને ગેરકાયદેસર સંબંધોમાં ફસાઈ જવાના ભયથી પીડાય છે. આ ઉપરાંત સમાજમાં અમીર અને ગરીબ વચ્ચેનું અંતર વધી જાય છે. સીમિત સાધનો અને અસીમિત સાધનો ધરાવતા લોકો વચ્ચે સ્પર્ધા વધે છે. આવી દૂષણોની એક લાંબી શ્રૃંખલા છે. અલ્લાહના હક્કો અને બંદાઓના હક્કોની અવગણના અને ખામીઓનું એક મોટું કારણ આ બદી છે.

* * *

ધ્યાનમાં લેવાનો મુદ્દો આ છે કે સામાન્ય રીતે લોકોની આવક તેમની વાસ્તવિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે અપૂરતી હોય છે. ઘણા લોકોને સારો, સ્વસ્થ આહાર મળતો નથી. ઘણા લોકોને સ્વસ્થ જીવન અને તેના માટેની આરોગ્યસંભાળ પરવડે તેમ હોતી નથી. ઘણા લોકો પોતાના બાળકોને સારૂં શિક્ષણ આપી શકતા નથી અને ઘણા લોકો પાસે પરિવારને અસર કરતા રોગોની યોગ્ય સારવાર ઉપલબ્ધ નથી હોતી. આ બધી જરૂરિયાતો સંતોષવા માટે પૂરતા સાધન હોવા છતાં, લોકોની અન્ય ઘણી વાસ્તવિક જરૂરિયાતો અધૂરી રહી જાય છે. પાડોશ અને પરિવારના જરૂરિયાતમંદ સભ્યોને મદદ કરવા માટે પૂરતા પૈસા નથી હોતા. અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવા માટે સંતોષકારક મૂડી નથી હોતી. આ પણ વાસ્તવિક માનવ જરૂરિયાતો છે.

એક તરફ આ કડવી વાસ્તવિકતા છે અને બીજી તરફ વધુ કડવી સ્થિતિ આ છે કે સામાન્ય રીતે લગ્ન સમારંભની બિનજરૂરી પ્રવૃત્તિઓ પાછળ લોકો તેમની આવક કરતાં અનેક ગણો વધુ ખર્ચ કરે છે.

આ એક દુર્ઘટના છે કે આપણી આવક આપણી વાસ્તવિક જરૂરિયાતો કરતાં અનેક ગણી ઓછી હોવા છતાં આપણે લગ્નની ઉજવણીમાં આપણી આવક કરતાં અનેક ગણો વધુ ખર્ચ કરીએ છીએ.

દુનિયાના જીવન અને આખિરતના જીવનની વાસ્તવિક જરૂરિયાતોથી બેધ્યાન, લગ્ન સમારોહને પોતાના મન–મસ્તિષ્ક પર પ્રભુત્વ આપવું એ સંપૂર્ણ અજ્ઞાનતા છે.

* * *

ઉડાઉ ખર્ચાળ લગ્નો પાછળ ઘણું સામાજિક દબાણ હોય છે. સ્વાભાવિક છે કે સમાજ આ બાબતે સીધું દબાણ ન કરે, પરંતુ માનવ મન સમાજનું દબાણ અનુભવે છે. સામાન્ય વિચાર એ છે કે જે રીતે સમાજમાં લગ્નો થઈ રહ્યા છે, આપણા લગ્ન પણ આવા જ હોવા જોઈએ. એક સામાન્ય તર્ક આપવામાં આવે છે કે આપણને જેટલા લોકોએ ત્યાં બોલાવવામાં આવ્યા હતા તેટલા લોકોને તો બોલાવવા જરૂરી છે. આ રીતે, વ્યક્તિ તેની આર્થિક ક્ષમતા જોતી નથી બલ્કે સમાજની માંગને જૂએ છે.

જો ખર્ચાળ લગ્નો સમાજનું ધોરણ બની જાય છે, તો તે સમાજના ગરીબ અને મધ્યમ આવક ધરાવતા લોકો પર મોટો બોજ બની જાય છે. કારણ કે દરેક વ્યક્તિના લગ્નમાં તેમની આવક કરતા વધુ ખર્ચ થાય છે. સામાજિક ધોરણ બનીને, આ દૂષણ સામાન્ય અને કાયમી થઈ જાય છે. અને ત્યારે તેની વિરૂધ્ધ તકરીરો, વાએઝ અને નિવેદનો બિનઅસરકારક બની જાય છે.

જ્યારે કોઈ વ્યક્તિ તેની આવક કરતાં અનેક ગણા ખર્ચાઓ સાથે લગ્ન કરે છે, ત્યારે તે દેખીતી રીતે જ ક્યાંક ને ક્યાંકથી મેનેજ કરે છે. જ્યારે તમે લગ્નના ગ્લેમરની પાછળ તેની વાસ્તવિક પરિસ્થિતિ જાણવાનો પ્રયાસ કરશો ત્યારે તમને ઘણી દુર્ઘટનાઓ જોવા મળશે. કોઈ પોતાની મિલકત વેચે છે, કોઈ વ્યક્તિ વ્યાજ પર લોકો પાસેથી ઉધાર લે છે, વ્યક્તિ ઝકાત અને ભીખ એકત્રિત કરે છે. કોઈ સંબંધીઓને મદદ માટે કરગરે છે. ઘણા લોકો ઘણા વર્ષો સુધી તેમની આવકમાંથી બચત કરે છે. આ બચત ખાતર તેઓ તેમના પોતાના હક્કો, બીજા બંદાઓના હક્કો અને અલ્લાહના હક્કો ચૂકવવામાં કમી કરે છે. કારણ કે તેમની સામે એક જ ધ્યેય છે : ભવ્ય લગ્ન સમારોહ.

* * *

એક તરફ સમાજ લગ્નના ખર્ચનું ઊંચું સ્તર નક્કી કરે છે. ત્યારે બીજી તરફ સમાજના સંપન્ન લોકોનું બેજવાબદારીભર્યું વર્તન આ સ્તરને વધુ ઊંચું લઈ જવાનું કામ કરે છે. તેઓ પોતાની જાતના સંતોષ ખાતર સમાજમાં પ્રચલિત લગ્નોથી ઉચ્ચ સ્તરે પોતાના લગ્ન સમારોહ આયોજિત કરે છે. આ લગ્નોની ધામધૂમથી ઘણા લોકોના હૃદયમાં ઉત્તેજના પેદા થાય છે અને સમાજમાં લગ્નનું સ્તર, જે પહેલેથી જ ઊંચું છે, તેનાથી પણ ઊંચું થતું જાય છે.

જ્યારે સ્પર્ધા થવા લાગે છે ત્યારે આ દૂષણ ઘણું વધી જાય છે. ભાઈઓ વચ્ચે સ્પર્ધા, સગાં–વહાલા વચ્ચે સ્પર્ધા. એક ભાઈ ખૂબ ધામધૂમથી લગ્ન કરે છે, તો બીજો ભાઈ તેનાથી વધુ ધામધૂમથી લગ્ન કરવાનો પ્રયાસ કરે છે. કારણ કે તે વિના જીવ સંતોષ પામતો નથી.

જ્યારે સ્પર્ધાની આ સ્થિતિ દરેક ઘર સુધી પહોંચવા લાગે છે, ત્યારે સમગ્ર સમાજમાં ભવ્ય લગ્નનો શાહી ખર્ચ અસામાન્ય રીતે વધી જાય છે. જેમ વરસાદની મોસમમાં વધુ વરસાદને કારણે નદીનું પાણી ભયના નિશાનથી ઉપર વહી જાય છે અને વિનાશ સર્જે છે. આમ, સ્પર્ધાના પરિણામ સ્વરૂપે સમાજમાં લગ્નો પાછળ થતા ખર્ચનું સ્તર જોખમના નિશાનને પાર કરી જાય છે અને સમગ્ર સમાજને ગંભીર પરિસ્થિતિનો સામનો કરવો પડે છે.

* * *

લગ્ન સમારોહમાં ઘણા પૈસા ખર્ચવામાં આવે છે. આ એક મોટો ખર્ચ છે જેના બદલામાં કશું મળતું નથી. જો વ્યક્તિ આ ખર્ચ બચાવે અને ઘર બાંધે તો આવનારી ઘણી પેઢીઓ સુધી જીવવાની વ્યવસ્થા થઈ શકે છે. જો તમે બચત કરી હજ કરો છો, તો ઈસ્લામના એક ફરજની અદાયગી થાય છે. આના થકી માણસની રૂહાની તાલીમ અને વિકાસની મહત્ત્વપૂર્ણ જરૂરિયાત પૂરી થાય છે, જો તે બચત કરે અને બાળકોના શિક્ષણ પાછળ ખર્ચ કરે તો આવનારી પેઢીને પ્રકાશ મળે છે. જો તમે બચત કરો છો અને સામાજિક કાર્યમાં ભાગ લો છો, તો તમે સમાજની સેવા કરો છો, અને જો તમે તમારા કુટુંબ માટે ધન સાચવો છો અને 'સદ્‌કએ જારિયા' કરો છો, તો તમે આખિરતમાં સફળ થશો. પણ જો કોઈ વ્યક્તિ પોતાના જીવન–કાળની લોહી અને પરસેવાની કમાણી, પેટ કાપીને અને કાયદેસરની ઈચ્છાઓનું ગળું દબાવીને કરેલી બચતને લગ્નપ્રસંગના નામે વેડફી નાખે તો તેના બદલામાં તેને આ દુનિયામાં કે આખિરતમાં કંઈ જ મળવાનું નથી. કંઈ મળવું તો દૂર બલ્કે, આખિરતમાં તેનો જવાબ આપવો પડશે.

પવિત્ર કુર્આનમાં ઉડાઉ અને અતિશય ખર્ચની સખત નિંદા કરવામાં આવી છે. બે જગ્યાએ ખર્ચ કરવા અંગે કહેવામાં આવ્યું છે કે, અલ્લાહ એવા લોકોને પસંદ નથી કરતો જેઓ અતિશય ખર્ચ કરે છે.

**"ખાઓ–પીઓ અને હદથી આગળ ન વધો. અલ્લાહ હદથી આગળ વધી જનારાઓને પસંદ કરતો નથી." (સૂરઃ અ'રાફ, આયત–૩૧)**

**"જ્યારે તમારા બગીચાઓમાં ફળ લાગે અને જ્યારે તમે ફસલની લણણી કરો, તો ખાઓ તેમની પેદાશ અને અલ્લાહના હક અદા કરો અને હદથી આગળ ન વધો કેમ કે અલ્લાહ હદ વટાવી જનારને પસંદ કરતો નથી." (સૂરઃ આલે ઈમરાન, આયત–૧૪૧)**

**"જેઓ સગાને તેનો હક આપે અને ગરીબો અને મુસાફરોને તેમનો હક આપે, ફુઝૂલ (નકામા, બિનજરૂરી) ખર્ચ ન કરે. ફુઝૂલ ખર્ચ કરનારાઓ શૈતાનના ભાઈ છે, અને શૈતાન પોતાના રબ (પ્રભુ)નો કૃતઘ્ન છે." (સૂરઃ ઈસ્રા, આયત–૨૬, ૨૭)**

અહીં, અલ્લામા તાહિર બિન આશૂરે પ્રશ્ન ઉઠાવ્યો છે કે ખર્ચ કરનારાઓને શા માટે શૈતાનના ભાઈ કહેવામાં આવે છે? પછી, આનો જવાબ આપતાં લખે છે : શૈતાન વ્યર્થ ખર્ચને ઉશ્કેરે છે, ઉડાઉપણામાં ધન કાં તો ખોટા કામોમાં વ્યય થાય છે, કાં બિનજરૂરી કામો અથવા ભોગ–વિલાસના કામોમાં ખર્ચ થાય છે. અને આ બધી બાબતો શૈતાનને ખુશ કરનારી છે. (તફસીર અલ–તહરીર વત્તન્વીર)

વ્યક્તિગત જીવનમાં, અપવ્યય અને ઉડાઉપણાના અસંખ્ય કિસ્સાઓ છે, પરંતુ જો એ ફુઝૂલખર્ચી જે સમાજમાં સામાન્ય બની ગઈ હોય અને મોટા ભાગના લોકો એમાં જોડાયેલ હોય અને તેની વિરૂધ્ધ કોઈ વાત અથવા ગતિવિધિ સહન ન થતી હોય તે આ ભવ્ય લગ્નોની જાહોજલાલી છે. આ ઉડાઉપણાનું એક ભવ્ય સ્વરૂપ છે જેને તમામ સમાજો અને સંપ્રદાયોએ કોઈ શંકા વિના અપનાવ્યું છે.

* * *

આ સામાજિક ધોરણની પકડ એટલી ચુસ્ત છે કે કોઈ તેના આદેશની અવહેલના કરી શકતું નથી. આવા બે ઉદાહરણો આ સામાજિક ધોરણને ઉલ્લેખનીય છે. પ્રથમ ઉદાહરણ અશોભનીય છે અને બીજું હાસ્યાસ્પદ છે.

અશોભનીય અને ખેદજનક ઉદાહરણ એ છે કે ઘણા લોકો જે લગ્ન–ખર્ચના વિરોધમાં હોય છે, તેમને ખોટા માને છે, તેમની સામે પોતાનું વલણ પણ વ્યક્ત કરે છે, પરંતુ જ્યારે તેમની તક આવે છે ત્યારે તેઓ સંપૂર્ણપણે લાચાર હોય છે અને આ રીતે લાગણીના પૂરમાં તણાઈ જાય છે.

એક હાસ્યાસ્પદ દાખલો એ છે કે ઘણા લોકો જેઓ તેમના સામાન્ય જીવનમાં ખૂબ કંગાળ હોય છે. તેઓ ગરીબ લોકોની, પોતાના સગાં–વહાલાંની મદદ કરતા નથી, કોઈ સત્કાર્યોમાં સહભાગી થતા નથી, ઘરમાં મહેમાનોને પણ આવકારતા નથી, એવા કંગાળ લોકો જે પાઈ–પાઈનો હિસાબ રાખતા હોય છે, તેઓ પણ જ્યારે લગ્નનો પ્રસંગ આવે છે તો તેઓ તેમની તિજોરીનું મોં ખોલી દે છે અને પાણીની જેમ સંપત્તિ વહેવડાવે છે.

આવા કઠોર અને મજબૂત સામાજિક ધોરણોને બદલવા અને તેને સંયમિત કરવા માટે વ્યાપક આંદોલન કરવાની જરૂર છે.

* * *

એક ગૂંચવણ એ ઊભી થાય છે કે આ રિવાજ અપનાવવો કે ન અપનાવવો એ નિર્ણય પરિવારના કોઈ એક સભ્યના હાથમાં નથી હોતો. ક્યારેક છોકરાની પોતાની ઈચ્છાઓ અને સપનાઓ હોય છે, ક્યારેક છોકરાના પિતા કે માતાના સપના અને અરમાન હોય છે, ક્યારેક છોકરીના પોતાના સપના હોય છે, તો ક્યારેક છોકરીના પિતા કે માતાના હોય છે. બંને ઘરના અન્ય વડીલોની ઈચ્છાઓ અને સપનાઓ પણ હોય છે. તે એટલે સુધી કે નાના બાળકો પણ પોતાની ઈચ્છાઓ તીવ્રતાથી વ્યક્ત કરવા લાગે છે. બધા કહે છે કે લગ્ન ધામધૂમથી થવા જોઈએ.

સામાન્ય રીતે, બંને પરિવારના લોકો લગ્નના ખર્ચને સમર્થન અને પ્રોત્સાહન આપતા હોય તેવું લાગે છે. પણ જો કેટલાક લોકોના અંતરાત્મા અને તેમની સમજણ તેમને આ પ્રથાથી વિરૂધ્ધ જવા માટે તૈયાર કરે, તો પણ બાકીના લોકો તેમના વિરોધ માટે એકઠા થઈ જાય છે અને આ પ્રથાને ટેકો આપવાનો આગ્રહ કરે છે.

આનો ખરો ઉકેલ આ છે કે આખા કુટુંબને ઘણા સમય પહેલાં જ માનસિક રીતે તૈયાર કરીએ, તેમની સંવેદના જગાવીએ અને તેમને આ રિવાજની દુષ્ટતા અને વ્યર્થતા બંનેથી વાકેફ કરીએ.

લગ્નના ટાણે જ પોતાનું સુધારાવાદી વલણ જાહેર કરવું અને તેને માનવાનો આગ્રહ કરવો ક્યારેક અસર કરે છે, પરંતુ ઘણી વાર તેની કોઈ અસર થતી નથી. તેથી, વર્ષો અગાઉથી અને વર્ષો સુધી તમારા સુધારાવાદી વલણની તરફેણમાં અભિપ્રાય કેળવવો જરૂરી છે.

* * *

લગ્ન સમારંભના અમુક પાસાઓની ટીકા અને તેની સુધારણા કેટલાક લોકો દ્વારા કરવામાં આવી રહી છે. દાખલા તરીકે, છોકરીના પરિવાર પર દહેજ અને બારાતના જમણવારનો બોજ ન હોવો જોઈએ. પરંતુ આજના લગ્નોમાં દહેજ અને બારાતનું જમણવાર જ સૌથી મોટી સમસ્યા નથી, પણ મોટી સમસ્યા લગ્નનો એકંદર ખર્ચ છે. આ શાહી ખર્ચાઓ છોકરીઓ માટે પણ થતાં હોય છે અને છોકરાઓ માટે પણ. લગ્ન સમારોહમાં અને લગ્નની મિજબાનીમાં પણ ખોટા ખર્ચાઓ કરવામાં આવે છે. લગ્ન પહેલાંની કેટલીક વિધિઓમાં અને લગ્ન પછીની કેટલીક વિધિઓમાં પણ આવો ખોટો વ્યય કરવામાં આવે છે. આ અપવ્યય વાનગીઓમાં પણ થાય છે અને પહેરવેશમાં પણ.

દહેજ અને બારાતના જમણવારને ખોટા માનનાર આ બધાને ખોટા નથી માનતા. તેથી, માત્ર દહેજ અને બારાતની ટીકાથી આગળ વધવાની જરૂર છે અને લગ્ન સાથે જોડાયેલા તમામ શાહી ખર્ચાઓની ટીકા કરવાની જરૂર છે, પછી ભલે તે શાહી ખર્ચ વલીમા સાથે સંલગ્ન હોય.

* * *

કેટલાક લોકો વ્યર્થ ચર્ચા કરી વાતને ખોટા પાટે ચઢાવી દે છે. જ્યારે લગ્નોની ભવ્ય ઉજવણી અને ઉડાઉ ખર્ચ ટાળવા માટે વાત કરવામાં આવે છે તો તેઓ કહે છે કે દીની ઈજતિમા અને સંમેલનોમાં પણ ઘણો ખર્ચ થાય છે તેથી આ દીની ઈજતિમા અને સંમેલનો પણ ન થવા જોઈએ.

આ અભિગમ યોગ્ય નથી. દીની ઈજતિમા અને સમ્મેલનોમાં પણ વ્યર્થ ખર્ચ તો ન જ થવા જોઈએ, જો કે, આ તફાવતને સારી રીતે સમજવો પડશે કે દીની ઈજતિમા અને સમ્મેલનોની સમાજ પર સારી અસર પડે છે અને લગ્નનો મામલો એ છે કે સમારંભ જેટલો મોટો અને ભવ્ય હોય સમાજ પર તેટલો જ ખોટો પ્રભાવ પડે છે.

સંપત્તિ પ્રત્યે આપણો અભિગમ યોગ્ય અને સંતુલિત હોવો જોઈએ. સલફે સાલિહીન (નેક પુરોગામી લોકો)એ ખૂબ જ સારો સિધ્ધાંત અપનાવ્યો છે અને તે છે **'લા ખૈર ફિ સર્ફ વ લા સર્ફ ફિલ્ ખૈર' – (ફુઝૂલ ખર્ચમાં કોઈ ભલાઈ નથી અને ભલાઈના કાર્યોમાં કોઈ ફુઝૂલ ખર્ચી નથી).**

જો કરોડો રૂપિયા ખર્ચવાથી સમાજ સુધરે છે, વ્યક્તિની યોગ્યતા અને ક્ષમતા વધે છે, દીનને પ્રોત્સાહન મળે છે, તો કરોડો અને અબજો રૂપિયાની આવા મહાન ફાયદાઓની સરખામણીમાં કોઈ હેસિયત નથી. પણ જો થોડા લાખ રૂપિયામાં કરવામાં આવતી કોઈ વિધિ સમાજને ખોટી દિશા બતાવતી હોય તો તેનાથી બચવું અનિવાર્ય છે.

ભવ્ય લગ્નની બાબતે કહી શકાય કે તેમાં દૂષણો ઘણા વધુ છે અને ભલાઈનું કોઈ પાસું નથી.

* * *

લગ્નમાં કેટલો ખર્ચ કરવો મધ્યમ કહી શકાય ?

આનો જવાબ એ છે કે જેમને અલ્લાહે વધુ ધન–દૌલત આપી છે તેઓએ વધુ સાવચેતીથી કામ કરવું જોઈએ. તેઓએ એક સામાન્ય માણસની જેમ લગ્નની વિધિ કરવી જોઈએ. તેઓ સામાન્ય માણસ માટે રોલ મૉડેલ બને. સામાન્ય લોકોએ તેમની પાસેથી સંપત્તિનો દુરુપયોગ નહીં પરંતુ યોગ્ય ઉપયોગ શીખવો જોઈએ.

જ્યાં સુધી સામાન્ય માણસની વાત છે ત્યાં સુધી નિયમ એવો હોવો જોઈએ કે વાર્ષિક આવક પ્રમાણે જ તેઓની લગ્ન વિધિ થઈ જવી જોઈએ. આ માટે અલગથી પૈસા એકઠા કરવાની જરૂર નથી. આમાં જ જેટલા પ્રમાણમાં વલીમો થઈ જાય તે કરવો જોઈએ. અલ્લાહના પયગમ્બર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સમયમાં, લગ્ન એવી રીતે કરવામાં આવતા હતા કે જેટલી સંપત્તિ હોય તેટલામાં તેના લગ્ન થઈ જતાં હતાં. લગ્ન સમારોહને કારણે તેમની આવક પર વધારાનો બોજ પડતો ન હતો.

(અનુસંધાન પાના ૬ ઉપર)

(પાના ૪ થી ચાલુ)

**જેહાદ : ઈસ્લામનો પવિત્ર સંકલ્પ કે દુરુપયોગ થયેલ ભાષા ?**

ઈસ્લામમાં નિકાહ એ એક પવિત્ર કરાર છે, જે બંને પક્ષોની સંમતિ અને શરિઆના નિયમોના આધારે થાય છે. પરધર્મી (બિન–મુસ્લિમ) યુવતી સાથે નિકાહની માન્યતા માટે નીચેની શરતો છે :

**(૧) સ્વૈચ્છિક ધર્માંતરણ**

• જો પરધર્મી યુવતી ઈસ્લામ સ્વીકારે, તો તેનું ધર્માંતરણ પૂર્ણ ઈમાનદારી અને હૃદયથી હોવું જોઈએ. બળજબરીથી ધર્માંતરણ ઈસ્લામમાં સખત પ્રતિબંધિત છે.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અલ–બકરહ (2-256) : ''ધર્મમાં કોઈ બળજબરી નથી.''** – આ આયત ધર્મની સ્વતંત્રતાનો ભાર આપે છે.

• જો યુવતી માત્ર નિકાહ માટે નામનું ધર્માંતરણ કરે, પરંતુ હૃદયથી ઈસ્લામ સ્વીકારે નહીં, તો આવું ધર્માંતરણ શરિઆ પ્રમાણે અમાન્ય છે.

**(૨) અહલે–કિતાબ સાથે નિકાહ**

• મુસ્લિમ પુરૂષોને અહલે–કિતાબ (ખ્રિસ્તી અને યહૂદી સ્ત્રીઓ) સાથે નિકાહની છૂટ છે, ભલે તેઓ પોતાના ધર્મમાં રહે.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અલ–માઈદા (5-5) : ''પવિત્ર અહલે–કિતાબની સ્ત્રીઓ સાથે વિવાહ કરવું માન્ય છે.''**

• જોકે, હિન્દુ, બૌધ્ધ વગેરે ધર્મોની સ્ત્રીઓ, જે અહલે–કિતાબમાં સામેલ નથી, તેમની સાથે નિકાહ માટે ઈસ્લામ સ્વીકારવું ફરજિયાત છે.

**(૩) લવ જેહાદનો આરોપ**

• **''લવ જેહાદ''** એ આરોપ છે કે મુસ્લિમ યુવકો બળજબરીથી બિન–મુસ્લિમ યુવતીઓનું ધર્માંતરણ કરાવે છે. આ ઈસ્લામના સિધ્ધાંતોની વિરુધ્ધ છે, કારણ કે શરિઆ બળજબરીથી નિકાહ અથવા ધર્માંતરણને માન્યતા આપતી નથી.

**[ હદીસનો સંદર્ભ ]**

• **''નિકાહ માત્ર બંને પક્ષોની સંમતિથી માન્ય છે.''** (સહીહ બુખારી, હદીસ નં. 5138)

• ભારતની અદાલતોએ **''લવ જેહાદ''**ના ઘણાં કેસોમાં આરોપોને આધારહીન ગણાવ્યા છે, જેમાં સામાન્ય રીતે પ્રેમ અને સંમતિના આધારે નિકાહ થયા હોવાનું જણાવ્યું છે.

**○○ જમીનના ગેરકાયદેસર વ્યવહારો (લેન્ડ જેહાદ) ○○**

ઈસ્લામમાં, જમીન અને મિલ્કતના વ્યવહારોમાં ઈમાનદારી, પારદર્શિતા અને કાયદેસરતા ફરજિયાત છે. જમીન પચાવી પાડવી, ગેરકાયદેસર હડપ કરવી અથવા બળજબરીથી કબજો કરવો શરિઆ પ્રમાણે હરામ (પ્રતિબંધિત) છે.

**(૧) નૈતિક વ્યવહારો**

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અલ–બકરહ (2-188) : ''અને તમે એકબીજાની મિલકતો અન્યાયપૂર્વક ખાશો નહીં.''** – આ આયત જમીનના ગેરકાયદેસર વ્યવહારોની નિંદા કરે છે.

**[ હદીસનો સંદર્ભ ]**

• **''જે વ્યક્તિ અન્યની જમીન ગેરકાયદેસર હડપ કરે, તેને કયામતના દિવસે તે જમીનનો બોજ ઉઠાવવો પડશે.''** (સહીહ મુસ્લિમ, હદીસ નં. 1610)

**(૨) લેન્ડ જેહાદનો આરોપ**

• **''લેન્ડ જેહાદ''** એ આરોપ છે કે મુસ્લિમો હિન્દુ વિસ્તારોમાં જમીન ખરીદીને ષડયંત રચે છે. જોકે, જમીન ખરીદી એ કાયદેસર વ્યવહાર છે, જે દેશના કાયદા અને શરિઆનું પાલન કરે છે. આવા આરોપો રાજકીય લાભ અને સાંપ્રદાયિક ધ્રુવીકરણ માટે ઉપયોગમાં લેવાય છે, જે ઈસ્લામના ન્યાયના સિધ્ધાંતોની વિરુધ્ધ છે.

**○○ બિન–ઈસ્લામિક રાષ્ટ્રોમાં ધર્મયુધ્ધની હાકલ ○○**

બિન–ઈસ્લામિક રાષ્ટ્રો (જેમ કે ભારત)માં **''જેહાદ''**ના નામે ધર્મયુધ્ધની હાકલ શરિઆ પ્રમાણે અમાન્ય અને પ્રતિબંધિત છે. ઈસ્લામ શાંતિ, સહઅસ્તિત્વ અને દેશના કાયદાનું પાલન કરવાનું શિક્ષણ આપે છે.

**(૧) શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ**

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અલ–મુમતાહિના (60:8) : ''અલ્લાહ તમને તે લોકો સાથે ન્યાય અને દયા સાથે વર્તવાથી રોકતો નથી, જેઓએ તમારી સામે ધર્મના કારણે લડાઈ નથી કરી.''** – આ આયત બિન–મુસ્લિમો સાથે શાંતિપૂર્ણ સંબંધોની હિમાયત કરે છે.

• ભારતમાં, મુસ્લિમોને ધાર્મિક સ્વતંત્રતા અને સુરક્ષા મળે છે, તેથી શરિઆ અનુસાર તેઓએ બંધારણ અને કાયદાનું પાલન કરવું જોઈએ.

**(૨) ધર્મયુધ્ધની શરતો**

શરિઆ અનુસાર, ધર્મયુધ્ધ (જિહાદ–અલ–કિતાબ) માત્ર ચોક્કસ શરતો હેઠળ માન્ય છે :

• સ્વરક્ષણ માટે, જ્યારે ઈસ્લામ અથવા મુસ્લિમો પર ઘાતકી હુમલો થાય.

• રાષ્ટ્રના વડા (ખલીફા અથવા શાસક)ની સત્તા હેઠળ, નહીં કે વ્યક્તિગત અથવા જૂથના નિર્ણયથી.

• નૈતિક નિયમોનું પાલન, જેમ કે નિર્દોષોને નુકસાન ન કરવું.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અલ–બકરહ (2:191) : ''અને તેમની સામે લડો જ્યાં સુધી ફિત્ના (અન્યાય) નાબૂદ ન થાય, પરંતુ જો તેઓ રોકાઈ જાય, તો હુમલો બંધ કરો.''**

• બિન–ઈસ્લામિક રાષ્ટ્રોમાં, જ્યાં ધાર્મિક સ્વતંત્રતા અને સુરક્ષા મળે છે, ધર્મયુધ્ધની હાકલ શરિઆ પ્રમાણે ગેરકાયદેસર છે.

**(૩) દેશના કાયદાનું પાલન**

**[ હદીસનો સંદર્ભ ]**

• **''મુસ્લિમો માટે જરૂરી છે કે તેઓ તે શરતોનું પાલન કરે, જેના હેઠળ તેઓ રહે છે, સિવાય કે તે હરામ હોય.''** (સહીહ બુખારી)

• ભારતમાં મુસ્લિમોને ધર્મની સ્વતંત્રતા મળે છે, તેથી **'જેહાદ'**ના નામે હિંસા ઈસ્લામના સિધ્ધાંતોની વિરુધ્ધ છે.

**○○ જેહાદનો દુરુપયોગ ○○**

જેહાદનો મૂળ અર્થ નૈતિક અને આધ્યાત્મિક સંઘર્ષ હોવા છતાં, આધુનિક સમયમાં તેનો દુરુપયોગ થયો છે.

**(૧) ચરમપંથી જૂથો દ્વારા**

• ISIS અને અલ–કાયદા જેવા જૂથો જેહાદના નામે હિંસા અને આતંકવાદ ફેલાવે છે, જે ઈસ્લામના શાંતિ અને ન્યાયના સિધ્ધાંતોની વિરુધ્ધ છે.

**[ કુર્આનનો સંદર્ભ ]**

• **સૂરઃ અલ–માઈદા (5-32) : ''જે વ્યક્તિ એક નિર્દોષ વ્યક્તિની હત્યા કરે, તે જાણે કે આખી માનવજાતની હત્યા કરે.''**

**(૨) રાજકીય અને ધર્મવિરોધી તત્વો દ્વારા**

• ભારતમાં **'લવ જેહાદ'**, **'લેન્ડ જેહાદ'**, **'શરબત જેહાદ'** જેવા શબ્દોનો ઉપયોગ મુસ્લિમ સમુદાય વિરુધ્ધ નફરત અને ભય ફેલાવવા માટે થયો છે.

• **ઉદાહરણ :** બાબા રામદેવની **'શરબત જેહાદ'** ટિપ્પણી, જેમાં મુસ્લિમ વેપારીઓ પર આરોપ લગાવાયો, સમાજમાં વિભાજન ઊભું કરે છે.

• આવા આરોપો ઘણીવાર રાજકીય લાભ મેળવવા અને ચૂંટણીઓમાં ધ્રુવીકરણ માટે ઉપયોગમાં લેવાય છે, જેનો કોઈ નક્કર પૂરાવો નથી.

**○○ જેહાદનો સાચો સંદર્ભ પુનઃસ્થાપિત કરવા માટેના પગલાં ○○**

જેહાદના દુરુપયોગને રોકવા અને તેના મૂળ અર્થને પુનઃસ્થાપિત કરવા માટે નીચેના પગલાં જરૂરી છે :

**(૧) શિક્ષણ અને જાગૃતિ**

• શાળાઓ, કોલેજો અને સામાજિક મંચો દ્વારા ઈસ્લામના સાચા સિધ્ધાંતો અને જેહાદના મૂળ અર્થ વિશે જાગૃતિ ફેલાવવી.

**[ હદીસનો સંદર્ભ ]**

• **''જે વ્યક્તિ સત્યનો માર્ગ બતાવે, તેને તેનું પુણ્ય મળે છે.''** (સહીહ મુસ્લિમ)

**(૨) આંતરધાર્મિક સંવાદ :**

• વિવિધ ધર્મોના લોકો વચ્ચે સંવાદ અને સહયોગ વધારવો, જેથી ગેરસમજ દૂર થાય.

**(૩) કાયદાકીય પગલાં**

• નફરત ફેલાવનારા નિવેદનો અને શબ્દોના દુરુપયોગ સામે કડક કાયદાકીય પગલાં લેવા, ખાસ કરીને **'લવ જેહાદ'** જેવા શબ્દોનો રાજકીય ઉપયોગ રોકવા.

**(૪) મીડિયાની જવાબદારી**

• મીડિયાએ જેહાદનો સાચો સંદર્ભ રજૂ કરવો અને નકારાત્મક પ્રચાર ટાળવો.

**○○ નિષ્કર્ષ ○○**

**''જેહાદ''** એ ઈસ્લામનો પવિત્ર સંકલ્પ છે, જે આત્મ–શુધ્ધિ, ન્યાય અને શાંતિનો માર્ગ બતાવે છે.

કુર્આન અને હદીસ અનુસાર, **જેહાદ** એ આંતરિક સંઘર્ષ, જ્ઞાનનો પ્રસાર, અન્યાય સામે લડત અને સ્વરક્ષણનો માર્ગ છે. શરિઆ પ્રમાણે, નિકાહ માટે સ્વૈચ્છિક ધર્માંતરણ જરૂરી છે, જમીનના ગેરકાયદેસર વ્યવહારો હરામ છે, અને બિન–ઈસ્લામિક રાષ્ટ્રોમાં ધર્મયુધ્ધની હાકલ અમાન્ય છે. **'લવ જેહાદ'**, **'લેન્ડ જેહાદ'** અને **'શરબત જેહાદ'** જેવા શબ્દો રાજકીય સ્વાર્થ માટે ઉપયોગમાં લેવાય છે, જે ઈસ્લામના શાંતિ અને ન્યાયના સિધ્ધાંતોની વિરુધ્ધ છે. શિક્ષણ, આંતરધાર્મિક સંવાદ અને જવાબદાર મીડિયા દ્વારા જેહાદનો સાચો અર્થ પુનઃસ્થાપિત કરી શકાય છે, જેથી સમાજમાં પ્રેમ, કરુણા અને સંવાદિતા વધે.

---

(પાના ૫ થી ચાલુ)

**(સાદગીયુક્ત લગ્ન : પવિત્ર સુખી જીવન)**

જે કોઈ પણ અલ્લાહના પયગમ્બર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પાસે લગ્ન માટે આવતા હતા તેમને કહેતા હતા : તમારી પાસે જે કંઈ છે તે લઈ આવો, તેના હિસાબે જ તમારા લગ્ન કરવામાં આવશે. કોઈને એવું કહ્યું ન હતું કે થોડા વર્ષો કમાવવા જાઓ, જ્યારે તમારી પાસે વધુ સંપત્તિ થઈ જાય ત્યારે તમારા લગ્ન થશે.

★ ★ ★

લગ્નનો ખર્ચ સતત વધી રહ્યો છે. તેમાં દરરોજ નવા તત્ત્વો ઉમેરાઈ રહ્યા છે. સ્વાર્થ એ માનવ વૃત્તિનો એક ભાગ છે. ખુશીની અભિવ્યક્તિ હોય કે સમૃધ્ધિનું પ્રદર્શન, જ્યાં સુધી તેમાં કંઈક નવું ન હોય ત્યાં સુધી આત્મસંતોષ થતો નથી. નવીનતાઓ લગ્નના શાહી ખર્ચમાં વધારો કરી રહી છે. પરંતુ નવીનતાઓ કે જે સંપત્તિના બગાડમાં પરિણમે છે તેની પ્રશંસા કરી શકાય નહીં. ઈસ્લામી દષ્ટિકોણ આ છે કે ઉડાઉપણું, ફુઝૂલખર્ચ અને દેખાડાને ચુસ્તપણે સમાપ્ત કરવા જોઈએ. પછી સંયમની મર્યાદામાં કોઈ પણ જાતની નવીનતા લાવી શકાય છે. મનોરંજન અને નવા નવા દેખાડા જ્યારે અપવ્યયમાં પરિણમે છે તો સમાજમાં ખરાબીઓની સંખ્યામાં ઘણો વધારો કરે છે.

★ ★ ★

અલ્લાહના પયગમ્બર સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ લગ્ન પ્રસંગે ખુશીની અભિવ્યક્તિ અને સાદગીના સૂત્રને ખૂબ સુંદરતા સાથે જોડ્યું છે.

**સુનન તિર્મિઝી**ની એક **હદીસ**ના શબ્દો નીચે મુજબ છે :

**''લગ્નનું એલાન કરો, અને તેને મસ્જિદોમાં કરો, અને આ પ્રસંગે દફ (ખંજરી) પણ વગાડો.''** લગ્નના એલાનથી લોકોને ખબર પડશે, તેને મસ્જિદમાં કરવાથી સાદગી અને આધ્યાત્મિકતા આવશે અને ખંજરી વગાડવીએ આનંદની મધ્યમ અભિવ્યક્તિ હશે.

એક તરફ, અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ શીખવ્યું કે લગ્ન સરળ કરતાં વધુ સરળ હોવા જોઈએ. તેઓએ કહ્યું : **''લગ્ન જેટલું સરળ હશે તેટલું સારૂં હશે.'' (સુનન અબૂ દાઉદ).** લગ્નમાં જ્યારે ખર્ચા ઓછા હોય ત્યારે સહેલા અને સુંદર હોય છે અને જ્યારે તેમાં ખર્ચા વધારે થાય છે ત્યારે તે લગ્ન મુશ્કેલ થઈ જતાં હોય છે. બીજી તરફ, અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ તે પણ શીખવ્યું કે લગ્નની ખુશી ઉજવવી જોઈએ. હઝરત આયશા રદિયલ્લાહો અન્હા કહે છે કે તેણીએ અન્સારના એક સાહબ સાથે એક સ્ત્રીના લગ્ન કરાવ્યા. વ્હાલા નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ આ પ્રસંગે કહ્યું, **''શું તમારી પાસે કોઈ મનોરંજનનું સાધન નથી ?'' અન્સારને મનોરંજન ગમે છે. (સહીહ અલ–બુખારી)**, હદીસના સમજૂતીકર્તા, લખે છે કે મનોરંજનનો અર્થ ગીતો ગાવા અને ખંજરી વગાડવાની વ્યવસ્થા છે.

એ વાત જાણીતી છે કે લગ્નમાં મનોરંજનનું તત્ત્વ પણ સામેલ હોવું જોઈએ, પરંતુ લગ્નના ખર્ચમાં વધારો થાય તેવું મનોરંજન નહીં, પરંતુ એવા મનોરંજન કે જે સાધારણ ખર્ચમાં મળી શકે. જેમ કે કેટલાક છોકરાઓ કે છોકરીઓએ ગીત ગાઈ લીધું. થોડી હળવી ખંજરી વગાડવામાં આવી.

★ ★ ★

વ્યક્તિ પર જીવનનો કેટલો બોજો હોય છે ? ઓછી આવકમાં તેણે ઘરનો ખર્ચો ચલાવવો પડે છે, બાળકોને ભણાવવાના હોય છે, તબીબી સારવારનો ખર્ચો કરવો પડે છે, ઘરનું સમારકામ કરાવતા રહેવું પડે છે, અણધારી આફતોનો સામનો કરવો પડે છે. વૃધ્ધ માતા–પિતા, બેરોજગાર સંબંધીઓ, ગરીબ પાડોશીઓ, જવાબદારીઓનો કેટલો ભારે બોજ હોય છે તેના શિરે. હવે આટલું કર્યા પછી તેના પર લગ્નપ્રસંગનો તદ્દન બિનજરૂરી બોજ નાખી દેવામાં આવે, શું આનું નામ કરુણા છે ?

આ દર્શાવે છે કે આપણે જે સમાજનો એક ભાગ છીએ તે કરુણાના પાયા પર બાંધવામાં આવ્યો નથી. તેથી, સમાજના પુનર્ગઠન પર ગંભીરતાથી વિચારવું જોઈએ. માનવતાને એવા સમાજની જરૂર છે જેમાં દરેક વસ્તુ વિચારીને કરવામાં આવે કે તેની અન્ય લોકો પર નકારાત્મક અસર ન થાય, પરંતુ સકારાત્મક અસર થાય. એવો સમાજ કે જેમાં કોઈને તકલીફ આપવાનો રિવાજ ન હોય.

આપણો રબ તો એટલો રઊફ અને રહીમ છે કે તેણે દરેક બાબતમાં તેના બંદાઓની ક્ષમતા અને સામર્થ્યની ગુંજાશ રાખી છે. હજ ખૂબ જ મહત્ત્વપૂર્ણ ફરજ છે, દીનનો સ્તંભ છે, પરંતુ સાથે સાથે આ પણ કહેવામાં આવ્યું હતું કે હજ એ લોકોએ જ કરવી જોઈએ જેમને તે પરવડી શકે, જે સામર્થ્ય ધરાવતા હોય.

અને આપણો સમાજ એટલો કઠોર છે કે તે કોઈની મજબૂરી સમજતો નથી. તે લાચાર વ્યક્તિ પર તેની શક્તિ કરતાં અનેકગણો બોજ લાદી દે છે.

★ ★ ★

વિચારવા જેવી વાત આ છે કે સંબંધ અને તારીખ નક્કી થતાં જ આખા પરિવારની ચિંતા લગ્ન સમારંભ પર કેન્દ્રિત થઈ જાય છે. આ માટે યોજનાઓ બનાવવામાં આવે છે, નવા વિચારોને આગળ લાવવામાં આવે છે અને સ્કેચમાં રંગ ઉમેરવાનો પ્રયાસ કરવામાં આવે છે. પણ લગ્ન વિશે કોઈને પરવા જ હોતી નથી. લગ્ન સફળ થાય, દંપતી સુખી અને પ્રેમાળ જીવન જીવે તેના વિશે કોઈ વિચારતું જ નથી, જેના કારણે ક્યારેક લગ્ન પ્રસંગ તો બહુ રંગીન બની જાય છે પણ લગ્ન જીવન રંગહીન રહે છે. લગ્નમાં જમણવાર આનંદદાયક હોય છે, પણ લગ્ન જીવન કંટાળાજનક અને ક્યારેક ત્રાસદાયક બની જાય છે.

આપણું ધ્યાન લગ્ન સમારોહ કરતાં આ વાત પર વધારે હોવું જોઈએ કે લગ્ન પછીના લગ્ન જીવનને સુંદર અને સુખી કેવી રીતે બનાવી શકાય ? લગ્ન સમારંભ એટલો ટૂંકો અને સાદગીપૂર્ણ હોવો જોઈએ કે તેમાં કોઈ આયોજનની જરૂર ન હોય, પરંતુ સુખી દામ્પત્ય જીવન માટે ખૂબ જ સારૂં આયોજન હોવું જોઈએ. ઘરની દરેક વ્યક્તિએ પોતાની જાતને માનસિક રીતે તૈયાર કરવી જોઈએ. દંપતી સુખી જીવન જીવે અને પરિવારના તમામ સભ્યો તેમની સાથે પ્રેમભર્યા સંબંધ રાખે, આ જ સૌનું લક્ષ્ય હોવું જોઈએ અને આ અંગેનો ઈરાદો અને યોજના પરિવારના દરેક સભ્યના હૃદય અને દિમાગમાં હોવી જોઈએ.

★ ★ ★

આપણાં ત્યાં લગ્ન પહેલાંના કાઉન્સિલિંગ (Pre Marriage Counselling)ની કોઈ સોચ જ નથી, ઊલટાનું, સંબંધીઓ અને કુટુંબીજનો દ્વારા પતિ–પત્નીમાં નકારાત્મક વિચારસરણી વિકસાવવામાં આવે છે. છોકરાનો બ્રેઈનવોશ કરવામાં આવે છે કે તે પોતાની પત્ની સાથે વધુ પડતું પ્રેમ–પ્રદર્શન ન કરે. કારણ કે આ જોરૂની ગુલામી સમાન છે. છોકરીના મનમાં એવું ઠસાવવામાં આવે છે કે તેણે સાસુ અને સસરાને ધ્યાનમાં ન લેવા જોઈએ અને બને તેટલી વહેલી તકે પતિને તેમનાથી અલગ કરી દેવો જોઈએ. આ રીતે, લગ્ન પછી ન તો કોઈ પુરૂષ છૂટા પડીને પ્રેમાળ પતિ બની શકે છે અને ન તો કોઈ છોકરી લગ્ન પછી તેના જીવનમાં સકારાત્મક અને રચનાત્મક ભૂમિકા ભજવી શકે છે. લગ્ન તો ધામધૂમથી થાય છે, પણ લગ્ન પછી ઘર યુધ્ધનું મેદાન બની જાય છે. લગ્નના ઉદ્દેશ્યો દષ્ટિથી છૂપાયેલા હોવાથી, છોકરી અને છોકરા વચ્ચે નિઃસ્વાર્થ પ્રેમ વિકસિત થતો નથી, અને જે સંબંધ બંનેના જીવનમાં મીઠાશ પ્રસરાવવા માટે હતો તે ખરાબ લાગણીઓ અને મજબૂરીમાં અટવાઈ જાય છે, અને લગ્ન જીવન કંટાળાજનક બની જાય છે.

★ ★ ★

સરકાર દ્વારા લગ્નની લઘુત્તમ ઉંમર નક્કી કરવામાં આવે છે અને તેને વધારવાની વાતો ચાલી રહી છે. અન્ય લોકોની જેમ ઈસ્લામી વર્તુળના લોકો દ્વારા પણ આનો વિશેષરૂપે અને યોગ્ય રીતે વિરોધ કરવામાં આવે છે. જો કે, વિચારવા જેવી વાત આ છે કે લગ્નની લઘુત્તમ ઉંમર આપણ સમાજે જ વધારી દીધી છે. છોકરા–છોકરીઓના લગ્ન ખૂબ જ મોડેથી થાય છે. આ સ્થિતિ ચિંતાજનક છે. ગ્રામીણ સમાજમાં લગ્ન વહેલા થતા હતા, પરંતુ જેમ જેમ શહેરી સમાજ વધુ પ્રભાવિત બની રહ્યો છે તેમ તેમ લગ્નમાં વિલંબ વધી રહ્યો છે. આ વિલંબનું એક કારણ લગ્ન સમારોહ વિશેની ધારણા છે કે તેમાં ઘણા પૈસા ખર્ચવા પડે છે. બીજું મોટું કારણ લગ્ન પછીના જીવન વિશેની ધારણા છે કે તે ખૂબ ખર્ચાળ જીવન છે. આ બંને ધારણાઓ સાચી નથી. લગ્ન પછી ઘરખર્ચમાં કેટલોક વધારો જરૂર થાય છે, પરંતુ તે એટલું ન વધવું જોઈએ કે લગ્નમાં જ વિલંબ થાય. જો જીવનને બિનજરૂરી તણાવમાંથી મુક્ત રાખીને જીવવામાં આવે તો જીવન સરળ રીતે ચાલે છે. નહિંતર, વસંતની રાહ જોતાં જોતાં મહિનાઓ અને વર્ષો પસાર થઈ જાય છે, જ્યારે કે આપણે પોતે જ વસંતના આગમનમાં અવરોધ બનીને ઊભા હોઈએ છીએ. શાયર હફીઝ મેરઠી કહે છે :

**બઝમે તકલ્લુફાત સજાનેમેં રહ ગયા**
**મેં ઝિંદગી કે નાઝ ઉઠાનેમેં રહ ગયા**

★ ★ ★

છોકરા–છોકરીઓના લગ્નમાં વિલંબ એ માન્યતાને કારણે પણ છે કે લગ્ન પછી શિક્ષણ ચાલુ રાખવું શક્ય નથી. આકસ્મિક રીતે, આ પણ સાચું છે. સામાન્ય રીતે એવું બને છે કે છોકરી ખાસ કરીને લગ્ન પછી તેનું શિક્ષણ ચાલુ રાખી શકતી નથી. પણ ખરું કારણ ન તો લગ્નજીવનની ગૂંચવણો છે કે ન તો શિક્ષણની ગૂંચવણો. તેનું મુખ્ય કારણ જીવન વ્યવસ્થાપનની ઓછી સમજ છે અને તેના ઉપર વિચાર ઓછો કરાય છે. જો જીવનસાથીઓ તેમના લગ્ન જીવનને વધુ સારી રીતે ગોઠવે તો લગ્ન પછી પણ શિક્ષણની સફર, અને સાથે શિક્ષણના વ્યવહારિક ઉપયોગ માટેની તકોનો સંપૂર્ણ ઉપયોગ શક્ય છે. સમગ્ર વિશ્વમાં અસંખ્ય પરિણિત યુગલો તેનો સફળતાપૂર્વક અનુભવ કરે જ છે.

★ ★ ★

જો આપણી પ્રાથમિકતાઓ યોગ્ય હશે, તો આપણું વલણ નાટકીય રીતે બદલાઈ શકે છે. ભવ્ય સમારંભ કરતાં સુખી દામ્પત્ય જીવનને પ્રાધાન્ય આપવું જોઈએ. દામ્પત્ય જીવનના સુખને જીવનના કષ્ટો અને ઔપચારિક્તા પર પ્રાધાન્ય આપવું જોઈએ. જીવનના વાસ્તવિક તકાદાઓને સમાજના ખોટા રિવાજો પર અગ્રતા આપવી જોઈએ. કૃત્રિમ સુખ કરતાં વાસ્તવિક સુખને પ્રાધાન્ય આપવું જોઈએ. ક્ષુલ્લક અહંકારી ઈચ્છાઓ કરતાં મહાન નૈતિક મૂલ્યોને પ્રાધાન્ય આપવું જોઈએ. આ દુનિયા કરતાં આખિરતને પ્રાધાન્ય આપવું જોઈએ. કુર્આન વારંવાર આ પ્રાથમિકતા તરફ નિર્દેશ કરે છે :

**''અને આંખ ઉઠાવીને પણ ન જુઓ દુનિયાના જીવનના તે ઠાઠ–માઠને જે અમે આમાંથી વિવિધ પ્રકારના લોકોને આપી રાખ્યો છે. તે તો અમે તેમની પરીક્ષા કરવા માટે આપ્યો છે, અને તારા રબની આપેલી હલાલ (વૈધ) રોજી જ વધુ સારી અને બાકી રહેનારી છે.'' (સૂરઃ તાહા–૧૩૧)**

**''તમને લોકોને જે કંઈ આપવામાં આવ્યું છે તે માત્ર દુનિયાના જીવનની સામગ્રી છે અને તેની શોભા છે અને જે કંઈ અલ્લાહ પાસે છે તે આનાથી વધુ સારૂં અને બાકી રહેનાર છે. શું તમે બુધ્ધિનો ઉપયોગ કરતાં નથી ?'' (સૂરઃ કસસ–૬૦)**

**''જે કંઈ પણ તમને આપવામાં આવ્યું છે તે માત્ર દુનિયાના અલ્પ જીવનની સાધન–સામગ્રી છે અને જે કંઈ અલ્લાહ પાસે છે તે સારૂં પણ છે અને સ્થાયી પણ. તે એ લોકો માટે છે જેઓ ઈમાન લાવ્યા છે અને પોતાના રબ પર ભરોસો રાખે છે.'' (સૂરઃ શૂરા–૩૬)**

**''પરંતુ તમે લોકો દુનિયા (આલોક)ના જીવનને પ્રાથમિકતા આપો છો, જો કે આખિરત (પરલોક) વધુ સારી છે અને બાકી રહેનારી છે.'' (સૂરઃ આ'લા –૧૬, ૧૭)**

જો કોઈના હૃદયમાં જન્નતની લગન હોય તો તે થોડા કલાકો માટે ભવ્ય લગ્નમંડપ બુક નહીં કરે, પરંતુ સ્વર્ગમાં એક ભવ્ય મહેલ બુક કરાવવાની ચિંતા કરશે. તે માત્ર લગ્નના એક દિવસ માટે લાખો રૂપિયાની કિંમતનો ડ્રેસ નહીં, પરંતુ રેશમી અને મલમલ જેવા સ્વર્ગીય વસ્ત્રો પહેરવાની ઈચ્છા ધરાવશે. તેને માણસો સમક્ષ પોતાની સંપત્તિનો દેખાડો કરવામાં કોઈ આનંદ નહીં આવે, પરંતુ આખિરતના દિવસે પોતાની કર્મનોંધને જોવા અને તેને પ્રદર્શન યોગ્ય બનાવવાની ધૂન તેના પર સવાર રહેશે.

આમ, તેનું જીવન મધ્યમ માર્ગ અને સીધા માર્ગ પર રહેશે અને તેને ઘણી મુશ્કેલીઓ, યાતનાઓ અને બેવકૂફીઓ અને નાદાનીથી સુરક્ષિત રાખશે.

★ ★ ★